# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 22-08-2026 | VOL : 12 | Issue : 157 | Page : 8 | Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**

તમારી શક્તિ તમારા વિચારોમાં છે. દરેક પડકાર નવી તક છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3



ગૃહરાજ્યમાં કાગળ પરની દારૂબંધી અને લઠ્ઠાકાંડની પરંપરા: જનતાના હોમાતા...

4



કોરિયન હાર્ટથી લઈને રાત્રે 2 વાગ્યા સુધી ચાલતા અતિશય વિચારો...

6



સની દેઓલના 'ઢાઈ કિલો કા હાથ' ડાયલોગને ઈશાએ આપ્યો મજેદાર ટ્વીસ્ટ

7



તેંડુલકરની બરાબરી પર પહોંચ્યા રૂટ, 68મી ટેસ્ટ ફિફ્ટી ફટકારી


## એક નજર...

### વ્હાઈટ સાડીમાં ગોર્જિયસ લાગી અંકિતા દવે



પોતાના બોલ્ડ ફોટો અને બિકીની લુકથી લોકોને દિવાના બનાવનાર અંકિતા દવે આ દિવસોમાં પોતાની ગ્લેમરસ તસવીરોને કારણે ચર્ચામાં છે. અંકિતા દવે વ્હાઈટ સાડીમાં જોવા મળી રહી છે. ફેન્સને આ તસવીરો ખુબ પસંદ આવી રહી છે. હાલમાં આ તસવીરો પર ફેન્સ ખુબ કોમેન્ટ કરી રહ્યા છે. ફેશન સેન્સ ધરાવતી અંકિતા દવે દરરોજ પોતાની બોલ્ડ તસવીરોથી ફેન્સને ચોંકાવતી રહે છે.

## NEWS TRACK

### દરિયામાં હાહાકાર: 22 ભારતીય નાવિકો સાથે 2 જહાજો હાઇજેક! યમન અને સોમાલિયા તટ પર ચાંચિયાઓનો આતંક

અરેબિયન સમુદ્ર અને હોર્ન ઓફ આફ્રિકા નજીક સમુદ્રી ચાંચિયાગીરીની ઘટનાઓએ ફરી એકવાર વૈશ્વિક સુરક્ષા એજન્સીઓ અને ભારત સરકારની ચિંતામાં વધારો કર્યો છે. યમન અને સોમાલિયાના દરિયાઈ વિસ્તારમાં બે અલગ-અલગ ઘટનાઓમાં ચાંચિયાઓએ 22 ભારતીય નાગરિકો સહિત 2 કોમર્શિયલ જહાજોનું અપહરણ (હાઈજેક) કરી લીધું છે. આ ઘટનાઓને કારણે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર ભારતીય નાવિકોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. યમન તટ નજીક તેલ ટેન્કર M.T. Sibu 1 નું અપહરણ પ્રથમ ઘટનામાં, ઈરિટ્રિયાનો ઝંડો ધરાવતા તેલ ઉત્પાદક ટેન્કર 'M.T. Sibu 1' નું યમન તટથી આશરે 30 નોટિકલ માઈલ દૂર અદનની ખાડીમાં ચાંચિયાઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. આ જહાજ પર કુલ 20 ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જેમાંથી 16 સભ્યો ભારતીય નાગરિકો છે. બાકીના ક્રૂ મેમ્બર્સમાં સીરિયા, સુદાન અને ઈરાકના નાગરિકો સામેલ છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગના અહેવાલ મુજબ, હાલ તમામ 20 ક્રૂ સભ્યો સુરક્ષિત હોવાની માહિતી છે.

### GTA 6 રમવા સેના આપશે 4 દિવસની રજા! યુએસ આર્મીની અનોખી ઓફર, પણ પૂરી કરવી પડશે એક શરત

જો તમે કામની ચિંતા કર્યા વિના 'Grand Theft Auto VI' (GTA VI) રમવા માંગો છો, તો અમેરિકી સેનાએ પોતાના જવાનો માટે એક અનોખી પહેલ શરૂ કરી છે. જ્યોર્જિયા સ્થિત ફોર્ટ સ્ટુઅર્ટ ખાતે તૈનાત US આર્મીનું એક બટાલિયન પોતાના સૈનિકોને લશ્કરમાં ચોક્કસ તારીખ સુધીમાં પુનઃ ભરતી થવા બદલ 4 દિવસની વધારાની રજા આપી રહ્યું છે. આ ખાસ રજાની તારીખો ગેમના લોન્ચિંગ સમય સાથે મેળ બેસાડીને નક્કી કરવામાં આવી છે, જેથી સૈનિકો આરામથી ગેમિંગની મજા માણી શકે. સૈનિકોને સેવામાં જાળવી રાખવા પોપ કલ્ચરનો સહારો એક અહેવાલ અનુસાર, 9th બ્રિગેડ એન્જિનિયર બટાલિયન દ્વારા આ ઓફર રજૂ કરવામાં આવી છે. રોકસ્ટાર ગેમ્સ દ્વારા GTA VI આગામી 19 Novemberના રોજ રિલીઝ થવા જઈ રહી છે, જેને મનોરંજન જગતનું આ વર્ષનું સૌથી મોટું લોન્ચિંગ માનવામાં આવે છે. આ ખાસ પ્રોત્સાહક યોજના આર્મીના કરિયર કાઉન્સિલર દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી અને બટાલિયન કમાન્ડરો સાથે મળીને તેને મંજૂરી અપાઈ હતી.

# રાહુલના 6 કલાકના ધરણા પછી દિલ્હી પોલીસ ઝૂકી

## પેલેટગન કેસમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ દાખલ, પ્રદર્શનકારીનો આરોપ- આંખે દેખાવાનું બંધ થયું

નવી દિલ્હી

દિલ્હી પોલીસે જંતર-મંતર પર પ્રદર્શનકારી વિદ્યાર્થી સાહિલની ફરિયાદ પર FIR નોંધી છે. જોકે, આ કેસ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ નોંધવામાં આવ્યો છે. વિદ્યાર્થીનો આરોપ છે કે પેલેટ ગનના છરા વાગવાથી તેની આંખની રોશની જતી રહી છે. રાહુલ ગાંધી શુક્રવારે બપોરે લગભગ 12.30 વાગ્યાથી દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશનની બહાર ધરણા પર બેઠા હતા. તેમની માંગ હતી કે જ્યાં સુધી પેલેટ ગનથી પીડિત સાહિલની FIR નોંધવામાં ન આવે ત્યાં સુધી તેઓ ત્યાંથી હટશે નહીં. રાહુલે સાહિલને વાગેલા છરા બતાવીને કહ્યું હતું કે - 'પેલેટ ગન ચલાવવાના પુરાવા છે. આ છરા સાહિલના શરીરમાંથી નીકળ્યા છે. જો પોલીસે ગન નથી ચલાવી તો કોણે ચલાવી છે.




પોલીસ કહી રહી છે કે તેમને FIR ન કરવા માટે ઉપરથી સૂચનાઓ છે.' રાહુલ સાથે પ્રિયંકા ગાંધી, અધીર રંજન ચૌધરી, સલમાન ખુર્શીદ અને જયરામ રમેશ પણ હાજર છે. 20 જુલાઈએ સંસદ માર્ચ દરમિયાન પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થી સાહિલ ઘાયલ થયા હતા. ભાજપ મહાસચિવ સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે રાહુલ ક્યારેય પોલીસ પર થતા હુમલાઓ વિરુદ્ધ કેમ નથી બોલતા. કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું કે આ પ્રદર્શન વિદ્યાર્થીઓ કે ન્યાય માટે નહીં, પરંતુ રાજકીય નિરાશા અને મીડિયાનું ધ્યાન ખેંચવા માટે છે. રાહુલનો આરોપ છે કે 20 જુલાઈના પ્રદર્શનમાં સાહિલ પેલેટ ગનથી ઘાયલ થયા. 14 ઓગસ્ટે તેમણે દિલ્હી પોલીસને લેખિત ફરિયાદ આપી હતી, પરંતુ તેમને ફરિયાદની કોપી જ ન મળી. 17 ઓગસ્ટે ઈમેઈલ અને ફોન દ્વારા પણ ફરિયાદ પર કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી, પરંતુ કંઈ ન થયું.

## 10મું સિમ કાર્ડ 24 ઓગસ્ટથી નહીં મળે: જમ્મુ-કાશ્મીર અને નોર્થ-ઈસ્ટમાં 6 સિમની લિમિટ

નવી દિલ્હી

જો તમારા નામે ૯ સિમ કાર્ડ એક્ટિવ હોય તો તમને નવું સિમ કાર્ડ નહીં મળે. સરકારે ગુરુવારે ટેલિકોમ કંપનીઓને નિર્દેશ આપ્યો છે કે જે ગ્રાહકોના નામે પહેલેથી નિર્ધારિત મર્યાદા એટલે કે ૯ મોબાઈલ કનેક્શન છે, તેમને કોઈ પણ નવું સિમ કાર્ડ જારી કરવામાં ન આવે. આ નિયમ આ મહિનાની 24 તારીખથી દેશભરમાં લાગુ પડશે. દૂરસંચાર વિભાગ (DoT) મુજબ, જો તમે નિર્ધારિત મર્યાદા કરતાં વધુ સિમ લેવા દુકાને જશો, તો કંપનીઓ તમને નવું કનેક્શન આપવાની ના પાડી દેશે. આ સાથે તમને એ પણ જણાવવામાં આવશે કે તમારા નામે પહેલાથી જ મહત્તમ સિમ કાર્ડ ચાલુ છે, તેથી નવું સિમ આપી શકાશે નહીં. જો તમે વિચારી રહ્યા છો કે અલગ-અલગ કંપનીઓ (જેમ કે જિયો, એરટેલ કે વોડાફોન-આઈડિયા) પાસેથી સિમ લઈને તમે બચી જશો, તો એવું નહીં થાય. સરકારે ટેલિકોમ કંપનીઓને 'ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ' (DIP) નો ઉપયોગ કરવા જણાવ્યું



છે. આ પોર્ટલ પર દેશના તમામ મોબાઈલ યુઝરનો ડેટા ઉપલબ્ધ છે. નવું સિમ એક્ટિવેટ કરતા પહેલા કંપનીઓ આ પોર્ટલ પર તપાસ કરશે કે તમારા નામે કુલ કેટલા સિમ ચાલી રહ્યા છે. નિયમોને વધુ કડક બનાવવા માટે સરકાર 23 ઓગસ્ટથી ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ પર એક નવું ફીચર ઉમેરી રહી છે.

## વધતી મોંઘવારી અંગે RBI એ ચિંતા વ્યક્ત કરી: આગામી મહિને 'નવા જૂનીના એંધાણ'

નવી દિલ્હી

RBI પોલિસી મિનિટ્સ ફુગાવા અંગે મિશ્ર કહી શકાય એવું ચિત્ર રજૂ કર્યું છે. એક તરફ, ભારતીય અર્થતંત્રની ગતિ મજબૂત છે. બીજી તરફ, ખાદ્ય ચીજવસ્તુઓ, ઈંધણ અને ઈનપુટ ખર્ચના વધતા ભાવે રિઝર્વ બેંકની ચિંતાઓમાં વધારો કર્યો છે. હકીકત એવી પણ છે કે, પેટ્રોલ-ડીઝલ અને ગેસમાં થયેલા ભાવ વધારાના કારણે અનેક એવી કોમોડિટીના ભાવમાં મસમોટો વધારો થયો છે. સારા સમાચાર એ છે કે RBI હાલમાં દેશની આર્થિક પ્રવૃત્તિમાં મજબૂતાઈ જુએ છે. વર્ષ 2026-27 નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વૃદ્ધિ અપેક્ષાઓ કરતાં વધી ગઈ છે અને સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે 6.7% GDP વૃદ્ધિનો અંદાજ યથાવત છે. આ સૂચવે છે કે RBI ની પ્રાથમિક ચિંતા હાલમાં આર્થિક વૃદ્ધિની ગતિ નથી, પરંતુ ફુગાવાના ભાવિ માર્ગ પર છે.RBI ના મતે, તાજેતરમાં ફુગાવામાં વધારો થયો છે, જે મુખ્યત્વે ખાદ્ય પદાર્થો અને ઈંધણના ભાવમાં વધારાને કારણે છે. આ ચિંતા ફક્ત શરૂઆતના ભાવ વધારાથી છે. RBI એ પણ દેખરેખ રાખી રહ્યું છે કે વધતા કોર્પોરેટ ખર્ચ આખરે ગ્રાહકો પર કેટલી હદે નાખવામાં આવે છે. જો કંપનીઓ વધેલા ખર્ચનો બોજ - જેમ કે કાચા માલ, વીજળી, ઈંધણ અને પરિવહન - ઉત્પાદનના ભાવ પર નાખે છે.

## સ્વાઇન ફ્લૂના લક્ષણો દેખાય તો ચેતજો: દિલ્હીમાં H1N1નો વિસ્ફોટ

### દર્દીઓનું ઓક્સિજન લેવલ ઘટ્યું, અનેક લોકોને તકલીફ થઇ

નવી દિલ્હી

દિલ્હી-NCRમાં બદલાતા વાતાવરણ અને ભેજવાળા હવામાન વચ્ચે H1N1(સ્વાઈન ફ્લૂ) અને શ્વાસ સંબંધિત અન્ય ઈન્ફેક્શનના કેસોમાં ભારે વધારો નોંધાયો છે. ચાલુ વર્ષે દિલ્હીમાં H1N1ના 1777 કેસ નોંધાઈ ચૂક્યા છે. જે ગત વર્ષના સમાન સમયગાળામાં નોંધાયેલા 229 કેસોની સરખામણીએ આશરે 8 ગણા વધુ છે. ચોમાસાની સીઝનમાં શ્વાસ સંબંધિત વાઈરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે, જેના કારણે સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં ફ્લૂના લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. સ્થિતિની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે દિલ્હીની એક સરકારી હૉસ્પિટલના વડા અને અન્ય ઘણા ડૉક્ટરો પણ H1N1 વાઈરસથી સંક્રમિત થયા છે. હૉસ્પિટલોમાં આવતા કેટલાક દર્દીઓમાં શ્વાસ લેવામાં તકલીફ અને ઓક્સિજનનું લેવલ ઘટવાની ગંભીર સમસ્યાઓ જોવા મળી રહી છે. જેના કારણે શ્વાસ સંબંધિત ગંભીર બીમારીઓ અંગે ચિંતા ઊભી થઈ છે. જોકે, દિલ્હી સરકારના આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.

# કરજણમાં ટેન્ડર માફિયાઓ અને વગદાર નેતાની દાદાગીરી! VGL ગેસ લાઇન કામમાં કરોડોનું 'મહાકૌભાંડ'

## L-1 કોન્ટ્રાક્ટરને જાનથી મારી નાખવાની ધમકી આપી ભ્રષ્ટાચારનું મોટું નેટવર્ક ખૂલ્લું પડ્યું

પાક્કો ગુજરાત

વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા કરજણ તાલુકામાં ગેસ લાઈન નાખવાની પ્રક્રિયામાં ભારે સળવળાટ અને સનસનાટીમચાવતું કૌભાંડ સામે આવ્યું છે. જનતાના ટેક્સના પૈસા અને સરકારી તિજોરી પર ત્રાટકતા આ ટેન્ડર માફિયાઓએ કાયદા-કાનૂનને કોરાણે મૂકીને ખુલ્લેઆમ દાદાગીરી ચલાવી હોવાના ગંભીર આક્ષેપોથી કરજણનું રાજકારણ અને પાલિકા આલમ ગરમાયું છે.

### જાનથી મારી નાખવાની ધમકી આપી L-1 ને ખસેડાયો!

પ્રાપ્ત વિગતો અનુસાર, VGL દ્વારા કરજણમાં ગેસ લાઈન માટે બહાર પાડવામાં આવેલા ટેન્ડરમાં ૩ કંપનીઓએ ભાગ લીધો હતો, જેમાં યોગ્ય પ્રક્રિયા બાદ L-1 (સૌથી ઓછું રેટ આપનાર) કોન્ટ્રાક્ટરને ૮ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ ૪.૫% ના આધારે મંજૂર કરવામાં આવ્યો હતો. પરંતુ અસલી ખેલ અહીંથી શરૂ થયો! કરજણ તાલુકાના માથાભારે ટેન્ડર માફિયાઓએ L-1





કંપનીના માલિકને સ્પષ્ટ ધમકી આપી કે:

### "તને ટેન્ડર મળી ગયું હોય તો પણ કામ ચાલુ કરતો નહીં, નહીંતર જાનથી હાથ ધોવાનો વારો આવશે!"

ધમકીના ડરથી L-1 કોન્ટ્રાક્ટરે કામ ચાલુ ન કર્યું, જેથી VGL એ ફરી ટેન્ડર બહાર પાડવું પડ્યું. બીજી વખતની પ્રક્રિયામાં પણ ગંભીર ગેરરીતિ આચરવામાં આવી હતી. અન્ય પક્ષમાંથી આવેલા ભાજપના વગદાર નેતા અને માફિયાઓની ગોઠવણ: ૯% વધુ કમિશને L-2 ને ટેન્ડર! બીજી વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ ત્યારે કરજણના અન્ય પક્ષમાંથી ભાજપમાં જોડાયેલા એક વગદાર નેતા અને ટેન્ડર માફિયાઓએ ફરી ધાક-ધમકીનો ખેલ ખેલ્યો. નિયમ મુજબ જ્યારે L-1 કોન્ટ્રાક્ટર સક્ષમ હોય, તો તેને જ કામ આપવું પડે. પરંતુ તમામ કાયદા-કાનૂન તાણે મૂકીને ૯% વધારાના કમિશન સાથે આ ટેન્ડર L-2 ને પધરાવી દેવામાં આવ્યું!

### જાગૃત નાગરિકો અને જનતાના સીધા સવાલો:

કરજણ પાલિકાને બેવડો ફટકો: અગાઉ આ પ્રોજેક્ટમાં કરજણ નગરપાલિકાએ ૩૬ લાખ રૂપિયા આપવાના હતા, પરંતુ આ કૌભાંડના કારણે હવે પાલિકાએ માથે ૭૨ લાખ રૂપિયાનો બોજ પડશે! સરકારી નાણાંનો દુરુપયોગ: આ પ્રોજેક્ટ માટે ૮ કરોડ રૂપિયા મુખ્યમંત્રી ફંડમાંથી મળ્યા છે, જ્યારે બાકીના નાણાં નગરપાલિકાએ આપવાના છે. જનતાના ટેક્સના પૈસાથી ટેન્ડર માફિયાઓ પોતાના ખિસ્સા ભરી રહ્યા છે. મળતિયાના નામે ટેન્ડર: સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કરજણ નગરપાલિકાના જ એક વગદાર કોર્પોરેટરે પોતાના મળતિયાના નામે આ ટેન્ડર મેળવ્યું છે. પાલિકાના સભ્ય થઈને જ પાલિકાની તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડાયું છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝના આકરા સવાલો: શું ટેન્ડર માફિયા આગળ તંત્ર લાચાર છે?

૧. L-1 કોન્ટ્રાક્ટરને ધમકી આપનારા માફિયાઓ સામે હજુ સુધી કાનૂની પકડ કેમ ઢીલી છે? ૨. ભાજપની છબી ખરડતા અને પક્ષ બદલીને આવેલા આ વગદાર નેતા સામે પ્રદેશ પ્રમુખ કેમ ચૂપ છે? ૩. ૪.૫% ના બદલે ૯% વધુ રકમ ચૂકવીને સરકારી નાણાંનો બગાડ કરવાનો આદેશ કોણે આપ્યો?

વિજિલેન્સ, ED અને ACB તપાસની ઉગ્ર માંગ

કરજણની જનતામાં આ કૌભાંડ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે: આ સમગ્ર ટેન્ડર પ્રક્રિયાની તાત્કાલિક અસરથી હાઈલેવલ વિજિલેન્સ તપાસ કરાવવામાં આવે. કરોડો રૂપિયાની બેનામી સંપત્તિ ધરાવતા આ ટેન્ડર માફિયાઓ અને વગદાર નેતા સામે ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) અને ACB (એન્ટી કરપ્શન બ્યુરો) દ્વારા તપાસ કરવામાં આવે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલ તાત્કાલિક હસ્તક્ષેપ કરી પાલિકાના ભ્રષ્ટ કોર્પોરેટર અને નેતા સામે કડક શિસ્તભંગના પગલાં ભરે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' જનતાના હકના પૈસા લૂંટતા આ માફિયાઓનો પર્દાફાશ કરવા માટે આ મુદ્દા પર સતત નજર રાખશે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગધેથડ ગાયત્રી આશ્રમના મહંત પૂજ્ય લાલબાપુના ખબર-અંતર પૂછવા પહોંચ્યા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી

અમદાવાદ

સૌરાષ્ટ્રની સંસ્કારી અને મહાન સંત પરંપરાના વાહક તથા ઉપલેટા નજીક આવેલા પ્રખ્યાત ગધેથડ ગાયત્રી આશ્રમના ગાદીપતિ પૂજ્ય શ્રી લાલબાપુના ખબર-અંતર પૂછવા માટે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રૂબરૂ મુલાકાત લીધી હતી. હર્ષ સંઘવીએ પૂજ્ય બાપુના આરોગ્ય અંગે વિગતે જાણકારી મેળવી હતી અને તેમના શીઘ્ર સ્વાસ્થ્ય લાભ તેમજ દીર્ઘાયુ નિરામય જીવન માટે ઈશ્વર ચરણોમાં ક્ષેમકુશળતાની ભાવપૂર્વક પ્રાર્થના કરી હતી. ઉપલેટા નજીક આવેલા ગધેથડ સ્થિત ગાયત્રી આશ્રમ અને પૂજ્ય લાલબાપુ લાખો શ્રદ્ધાળુઓ માટે પરમ આસ્થાનું કેન્દ્ર છે. સનાતન ધર્મ અને માનવ સેવા માટે આજીવન સમર્પિત પૂજ્ય લાલબાપુ સૌરાષ્ટ્રની સંત પરંપરાના મજબૂત સ્તંભ ગણાય છે. તેમના સ્વાસ્થ્યના ખબર-અંતર પૂછવા રાજકીય અને સામાજિક ક્ષેત્રના અનેક મહાનુભાવો અવારનવાર મુલાકાત લેતા હોય છે.

મુલાકાત દરમિયાન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પૂજ્ય લાલબાપુ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો.

આ સાથે જ તેમની સારવાર કરી રહેલા તબીબો અને આશ્રમ પરિવાર સાથે વાતચીત કરીને સ્વાસ્થ્ય અંગેની વિગતો મેળવી હતી.

## રાજકોટ સિવિલ હોસ્પિટલમાં શરમજનક ઘટના: સિનિયર મેડિકલ ઓફિસરે મહિલા તબીબને લાફો માર્યાનો આક્ષેપ

રાજકોટ

રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલ ફરી એકવાર ગંભીર વિવાદના વટોળમાં ઘેરાઈ છે. હોસ્પિટલના સિનિયર મેડિકલ ઓફિસર ડો. અશ્વિન રામાણી સામે એક મહિલા તબીબ સાથે અત્યંત અભદ્ર વર્તન કરવા અને જાહેરમાં લાફો મારી દેવાનો સળગતો આક્ષેપ થતાં સમગ્ર તબીબી આલમમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ શરમજનક ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ હોસ્પિટલ તંત્રની કારમી પોલ ખુલ્લી પડી ગઈ છે.

મહિલા તબીબ પર થયેલા હુમલા અને માનહાનિના વિડીયો બહાર આવ્યા બાદ રેસિડેન્ટ ડોક્ટરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. તબીબોની સુવિધાઓ અને સુરક્ષા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થતાં રોષે ભરાયેલા રેસિડેન્ટ ડોક્ટરો તાત્કાલિક અસરથી હડતાળ પર ઉતરી ગયા છે. તબીબોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી ગુનેગાર અધિકારી સામે તાત્કાલિક સસ્પેન્શન અને કાનૂની રાહે કડક કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હોસ્પિટલ મેનેજમેન્ટ અને સત્તાધીશો દ્વારા તાત્કાલિક ધોરણે આંતરિક તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. વાયરલ વીડિયોની સત્યતા ચકાસીને તથા પીડિત મહિલા તબીબ અને પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, હડતાળના કારણે હોસ્પિટલમાં આવતા દર્દીઓની સારવાર પર પણ આંશિક અસર પડી રહી હોવાના અહેવાલો મળી રહ્યા છે. સરકારી હોસ્પિટલોમાં દર્દીઓની સેવા કરતા તબીબો, ખાસ કરીને મહિલા તબીબો સાથે જો સિનિયર અધિકારીઓ જ આવું અમાનવીય વર્તન કરતા હોય, તો સુરક્ષાના મોટા મોટા દાવાઓનું શું?

## તાલોદથી પ્રવાસે નીકળેલા 40 વિદ્યાર્થીઓની તબિયત લથડતાં બોટાદમાં અફરાતફરી મચી

બોટાદ

પ્રવાસની ખુશી ક્ષણભરમાં ચિંતામાં ફેરવાઈ ગઈ હોય તેવી એક ગંભીર ઘટના બોટાદમાં સામે આવી છે. સાબરકાંઠાના તાલોદથી પ્રવાસે નીકળેલા ૯૦ જેટલા વિદ્યાર્થીઓમાંથી આશરે ૩૫ થી ૪૦ વિદ્યાર્થીઓની તબિયત અચાનક લથડતાં મોડી રાત્રે દોડધામ મચી ગઈ હતી. બે બસોમાં સવાર થઈને બોટાદ પહોંચેલા આ બાળકોને તાવ, શરદી અને અસ્વસ્થતાના લક્ષણો જણાતાં તાત્કાલિક સારવાર અર્થે બોટાદની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મોડી રાત્રે એકસાથે મોટી સંખ્યામાં બાળ દર્દીઓ સિવિલ હોસ્પિટલ પહોંચતાં જ તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ હતી. હોસ્પિટલમાં પૂરતા પ્રમાણમાં બેડની સુવિધા ન હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. એક તરફ બીમાર બાળકો સારવાર માટે તરફડિયાં મારી રહ્યા હતા, તો બીજી તરફ હોસ્પિટલમાં જરૂરી સુવિધાઓનો અભાવ જોવા મળ્યો હતો. આવી કટોકટીની સ્થિતિમાં સ્થાનિક રિક્ષા એસોસિએશને આગળ આવીને બાળકો માટે ચાદર અને અન્ય પ્રાથમિક સુવિધાઓની વ્યવસ્થા કરી આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. બીમાર પડેલા વિદ્યાર્થીઓની ઉંમર અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સિવિલ હોસ્પિટલમાં તાત્કાલિક ધોરણે બાળરોગ નિષ્ણાત (Pediatrician) ડોક્ટરોની ટીમ તૈનાત કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. વાતાવરણમાં પલટો કે ખોરાકી ઝેરના કારણે તબિયત બગડી છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

## ઝાલોદ ITIના તાલીમાર્થીઓ માટે સુવર્ણ તક: ફોર્ડ મોટર્સ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ સાણંદ દ્વારા કેમ્પસ ઇન્ટરવ્યુ યોજાયો

ઝાલોદ

ઔદ્યોગિક તાલીમાર્થીઓ માટે રોજગારીની મોટી તકો ઊભી કરતાં, ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) ઝાલોદ ખાતે તારીખ ૧૯ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. મિકેનિક ડીઝલ, મિકેનિક મોટર વહીકલ, ફિટર, ઈલેક્ટ્રિશિયન, કોપા અને ડ્રેસ મેકિંગ જેવા વિવિધ ટેકનિકલ કોર્સનું સફળતાપૂર્વક પ્રશિક્ષણ પૂર્ણ કર્યા બાદ પરિણામ જાહેર થતાંની સાથે જ આ પ્લેસમેન્ટ યોજાયું હતું. આ કેમ્પસ ડ્રાઈવમાં દેશની અગ્રણી ઓટોમોબાઈલ કંપની ફોર્ડ મોટર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સાણંદ' દ્વારા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન ચાલુ વર્ષના તાલીમાર્થીઓની એપ્રેન્ટિસશિપ તેમજ સીધી નોકરી માટે આયોજનબદ્ધ રીતે વર્ક સોંપણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ત્રણ વર્ષથી ITI ZALOD ના ઓટોમોબાઈલ ગ્રુપ અને સંસ્થાના સક્રિય સહયોગના પરિણામે ઓટો ક્ષેત્રના લગભગ તમામ તાલીમાર્થીઓ સફળતાપૂર્વક રોજગારી મેળવી રહ્યા છે, જે સમગ્ર ક્લસ્ટર વિસ્તાર માટે અત્યંત હર્ષ અને ગૌરવની બાબત છે.

### પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતા ગ્રાઉન્ડ ઝીરો જવાના હતા

# કોંગ્રેસના નેતાઓ પહોંચે તે પહેલા રાજ્ય સરકારના મંત્રી ફટાફટ ભાવનગર પહોંચ્યા!!



અમદાવાદ

ભાવનગર લઠ્ઠાકાંડ પછી ગ્રાઉન્ડ ઝીરોની મુલાકાત લેવાની ગુજરાત કોંગ્રેસના નેતાઓની જાહેરાત પછી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતાઓ ભાવનગર પહોંચે તે પહેલા ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી દારૂના અસરગ્રસ્તોની પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ સર.ટી. હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી હતા અને દારૂબંધીવાળા રાજ્યમાં ઝેરી દારૂ પીનારાઓની તબીબી સેવાઓમાં કોઈ કચાશ ન રહે તે માટે સૂચના આપી હતી. નોંધનીય છે કે તાજેતરના સમયમાં ગુજરાતમાં ભારે વરસાદને પગલે ખેડૂતોને અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિતોને જાન-માલનું ભારે નુકસાન થયું હતું ત્યારે પણ આટલી ઝડપથી રાજ્ય સરકારના મંત્રીઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા નહોતા. લઠ્ઠાકાંડ પછી રાજ્યની ભૂપેન્દ્ર પટેલની સરકાર પર પસ્તાળ પડી છે. મુખ્યમંત્રી હાલ અમેરિકાના પ્રવાસે છે. રાજ્યમાં લઠ્ઠાકાંડને પગલે ઝેરી દારૂ પીને 10 જેટલા લોકો મરણ પામ્યા છે તેવા સમયે મુખ્યમંત્રી અમેરિકામાં બેસીને રાજ્યમાં વિદેશી રોકાણ લાવવા માટે વન-ટુ-વન મિટીંગો કરી રહ્યા હોવાથી પણ નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. નોંધનીય છે કે ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી દારૂની ગંભીર ઘટનાને પગલે પ્રવક્તા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ આજે સર.ટી. હોસ્પિટલની મુલાકાત લઈ સારવાર હેઠળ રહેલા અસરગ્રસ્ત દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા. તેમણે દર્દીઓની રૂબરૂ મુલાકાત કરી તેમની તબિયત અંગે જાણકારી મેળવી હતી તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર અને આરોગ્યલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી હતી. અસરગ્રસ્ત દર્દીઓ સાથે વાતચીત કરી તેમની આરોગ્યલક્ષી સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. તેમજ દર્દીઓને આપવામાં આવી રહેલી તબીબી સારવાર, દવાઓ તથા અન્ય જરૂરી આરોગ્ય સેવાઓ અંગે તબીબી અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. સર.ટી. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ કેરવી દેસાઈ સાથે મંત્રીએ સારવારની સમગ્ર વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અસરગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ અને સમયસર સારવાર મળી રહે, સારવારમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તથા જરૂરી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે જીતુ વાઘાણી દ્વારા તબીબી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

- CM ભૂપેન્દ્ર પટેલ દ્વારા સમગ્ર મામલે કડક પગલાં લેવાય તેની જનતાની માંગણી
- ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી દારૂના અસરગ્રસ્તોની પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ સર.ટી. હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી
- દારૂબંધીવાળા રાજ્યમાં ઝેરી દારૂ પીનારાઓની તબીબી સેવાઓમાં કોઈ કચાશ ન રહે તે માટે સૂચના અપાઈ

**દારૂબંધીમાં સરકાર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ: કોંગ્રેસ |** અમિત ચાવડાએ કહ્યું હતું કે વર્ષોથી આવી ઘટનાઓ બનતી હોવા છતાં સરકાર કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહી છે. આ પરંપરા પાછળનું મુખ્ય કારણ ભાજપ સરકારમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર અને હપ્તાખોરી છે. જો સરકાર દારૂ અને ડ્રગ્સમાંથી હપ્તા લેવાનું બંધ કરીને દારૂબંધીના કાયદાનો ઈમાનદારીપૂર્વક અમલ કરાવે તો ગુજરાતમાં એક ટીપું પણ દારૂ ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. પરંતુ પૈસા કમાવાની લાલસા અને હપ્તાખોરીના કારણે સરકાર દારૂના ગેરકાયદેસર નેટવર્ક સામે કડક કાર્યવાહી કરતી નથી.

**ભૂપેન્દ્ર પટેલની સરકાર સામે જનતાના આકરા સવાલો |** ગુજરાતની જનતાનો સવાલ છે કે દારૂબંધીનો કાયદો શેના માટે છે? સરહદો પરથી કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં આવે છે તો તેના માટે કોણ જવાબદાર છે? કોઈ વિસ્તારમાં દારૂ વેચાય અને લઠ્ઠાકાંડ થાય ત્યારે માત્ર જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓને જ જવાબદાર ઠેરવીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. SPની જવાબદારી કેમ નક્કી થતી નથી? રેન્જ IGની જવાબદારી કેમ નક્કી થતી નથી? DGPની જવાબદારી કેમ નક્કી થતી નથી? રાજ્યના ગૃહમંત્રી ગુજરાતની જનતા સમક્ષ આવીને જવાબદારી કેમ સ્વીકારતા નથી?

## મહેમદાવાદ બન્યું દારૂનું એપી સેન્ટર? ધમધમી રહી છે દેશી દારૂની ભઠ્ઠીઓ અને ઈંગ્લિશ દારૂની રેલમછેલ

### પી.આઈ. રાઠોડ અને કથિત વહીવટદાર વિનુના 'હપ્તા રાજ' સામે 'પાક્કો ગુજરાત'નો પ્રહાર!




ખેડા

ગુજરાતમાં કાગળ પરની દારૂબંધી વચ્ચે ખેડા જિલ્લાનું મહેમદાવાદ અસામાજિક તત્વો અને ભ્રષ્ટ અધિકારીઓ માટે કમાણીનો અડ્ડો બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. મહેમદાવાદમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે અને વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. અહીંથી દરરોજ લાખો રૂપિયાનો ગેરકાયદેસર દેશી દારૂ અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારોમાં ઘૂસાડવામાં આવી રહ્યો છે. ભાવનગર લઠ્ઠાકાંડની ગંભીર ઘટના બાદ પણ સ્થાનિક પોલીસ તંત્રના પેટનું પાણી હલતું નથી, ત્યારે પ્રજા પૂછી રહી છે કે શું મહેમદાવાદમાં પણ કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાયા બાદ જ પોલીસ ઊંઘમાંથી જાગશે? સુત્રો દ્વારા મળતી સનસનાટીભરી માહિતી મુજબ, મહેમદાવાદમાં ચાલતા આ કાળા કારોબાર પાછળ પી.આઈ. રાઠોડ અને તેમના કથિત વહીવટદાર વિનુનું મોટું નેટવર્ક કામ કરી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ ઊઠ્યો છે. દારૂના બૂટલેગરો પાસેથી મહિને લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવીને તેમને ખુલ્લેઆમ કાળો કારોબાર કરવાની છૂટ આપવામાં આવી રહી છે. પોલીસ રક્ષકને બદલે ભક્ષક બનીને ભ્રષ્ટાચારના સાગરમાં ડૂબેલી હોવાનો લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો છે. મહેમદાવાદ જેવા નાના વિસ્તારમાં આટલા મોટા પાયે દારૂનું નેટવર્ક ચાલે અને ખેડા જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) કે જિલ્લા પોલીસ વડા (SP)ને જાણ ન હોય તે વાત ગળે ઊતરતી નથી. શું ઉચ્ચ અધિકારીઓ આ અસામાજિક પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરી રહ્યા છે કે પછી આ ભ્રષ્ટાચારના ગંગોત્રીના તાર ઉપર સુધી જોડાયેલા છે? જો તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો ખેડા જિલ્લામાં પણ ભયાનક લઠ્ઠાકાંડ સર્જાવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને આ જિલ્લો કેમ નથી દેખાતો? રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની વાતો કરતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સામે પણ હવે જનતા સવાલો ઉઠાવી રહી છે. શું સરકારને મહેમદાવાદમાં ચાલતો આ ખુલ્લેઆમ હપ્તાખોરીનો ખેલ દેખાતો નથી?

## હડાદમાં વરલી મટકાનો કથિત જુગાર ધમધમતો હોવાના આક્ષેપ, પોલીસની કામગીરી સામે સવાલો

### હડાદમા વર્ષોથી ચાલતાં વરલી મટકાના જુગાર ઉપર કોનાં આશિર્વાદ?

બનાસકાંઠા

બનાસકાંઠાના હડાદ વિસ્તારમાં વર્ષોથી વરલી મટકાનો કથિત જુગાર ચાલી રહ્યો હોવાના આક્ષેપો વચ્ચે સ્થાનિક પોલીસની કામગીરી સામે ફરી સવાલો ઉઠી રહ્યા છે.



હાઈવે પરથી બજાર તરફ જતા માર્ગ પર ડાબી બાજુ આવેલી એક ચાની હોટલમાં વરલી મટકાનો કથિત ખેલ ચાલતો હોવાના આક્ષેપો અગાઉ પણ હડાદ વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાતો હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. હડાદ વિસ્તારમાં વરલી મટકાના વીડિયો વાયરલ થયા બાદ પોલીસની કામગીરી અંગે સવાલો ઉઠ્યા હતા અને પોલીસ દ્વારા વીડિયોની તપાસ કે કાર્યવાહી કેમ કરવામાં આવી નતી આ સંજોગોમાં સ્થાનિક લોકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે જો આવી પ્રવૃત્તિ અંગે વારંવાર માહિતી અથવા ફરિયાદો સામે આવી રહી હોય તો અત્યાર સુધીમાં કેટલી અસરકારક કાર્યવાહી કરવામાં આવી? શું અગાઉ વાયરલ થયેલા વીડિયોની તપાસનું પરિણામ જાહેર થયું છે? અને જો ફરીથી આવી પ્રવૃત્તિના આક્ષેપો થઈ રહ્યા છે તો પોલીસ દ્વારા સ્થળની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ?

## નંદનવન સોસાયટીમાં રખડતા ઢોર પકડવા ગયેલી પાલિકા ટીમ પર ગૌપાલકોનો હુમલો

### ઈન્સ્પેક્ટરને લાકડીથી ફટકાર્યા, ઢોર છોડાવી જઈ ઘરે આવીને મારી નાખવાની ધમકી આપી



વડોદરા

વડોદરા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ દૂર કરવા નીકળેલી પાલિકાની 'ઢોર ડબ્બા પાર્ટી' પર ગૌપાલકો દ્વારા હુમલો કરવાનો વધુ એક ગંભીર બનાવ સામે આવ્યો છે. શહેરની નંદનવન સોસાયટી વિસ્તારમાં કાર્યવાહી કરવા પહોંચેલી પાલિકાની ટીમ અને ગૌપાલકો વચ્ચે ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. ગૌપાલકોએ કાયદો હાથમાં લઈને પાલિકાના કર્મચારીઓ પર હુમલો કરી, અપશબ્દો બોલીને મચાવેલા ઉત્પાતથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, પાલિકાની ઢોર પાર્ટી નંદનવન સોસાયટીમાં રખડતી અને બાંધેલી ગાયોને જપ્ત કરવાની કામગીરી કરી રહી હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા ગૌપાલકોના ટોળાએ પાલિકાની ટીમનો ઘેરાવો કર્યો હતો. આરોપ છે કે ગૌપાલકોએ પાલિકાના ઈન્સ્પેક્ટર પર લાકડી વડે જીવલેણ હુમલો કર્યો હતો અને તેમની સાથે ઉગ્ર ગાળાગાળી કરી હતી. આટલેથી ન અટકતા, ગૌપાલકોએ પાલિકાના કર્મચારીઓને 'ઘરે આવીને મારી નાખીશું' તેવી ખુલ્લેઆમ ધમકીઓ આપી હોવાનો પણ ગંભીર આક્ષેપ થયો છે.

ઘર્ષણ દરમિયાન ગૌપાલકોએ પાલિકાની ટીમે જપ્ત કરીને બાંધેલી ગાયોને બળજબરીથી છોડાવી લીધી હતી અને રફુચક્કર થઈ ગયા હતા. સરકારી કામગીરીમાં રુકાવટ ઊભી કરવા અને કર્મચારીઓ પર હુમલો કરવા અંગે પાલિકા તંત્ર દ્વારા પોલીસ ચોકીમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી હુમલો કરનાર ઢોર માલિકો સામે કડક કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરામાં અવારનવાર પાલિકાની ઢોર પાર્ટી પર થતા હુમલાઓ દર્શાવે છે કે અસામાજિક તત્વોને કાયદા કે પોલીસનો કોઈ ડર રહ્યો નથી. રખડતા ઢોરના કારણે નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે, ત્યારે કામગીરી કરવા જતા કર્મચારીઓ પણ સુરક્ષિત નથી. શું પોલીસ આ વખતે ગૌપાલકો સામે દાખલારૂપ આકરી કાર્યવાહી કરશે? પાક્કો ગુજરાત ન્યૂઝ આ કેસની તમામ અપડેટ્સ તમારા સુધી પહોંચાડતું રહેશે.

### દેવાદાર બનેલા ધરતીપુત્રોનો સરકાર સામે આક્રોશપૂર્ણ હલ્લાબોલ!

## વારકામાં વરસાદના ખેંચાણથી ખેડૂતોનું પાક-ધોવાણ: "દ્વારકા જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરો"

દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લાનો જગતનો તાત આજે કાળઝાળ મુશ્કેલીના ચક્રવ્યૂહમાં ફસાયો છે. કુદરતની રૂઠેલી મહેર અને વરસાદના લાંબા ખેંચાણના કારણે જિલ્લાભરમાં મોલાત મુરઝાઈ ગઈ છે. મોંઘા ભાવના બિયારણો, ખાતર અને રાત-દિવસની સખત મજૂરી બાદ પણ ખેતરોમાં પાક બળીને ખાખ થઈ રહ્યો છે. આવી કપરી સ્થિતિમાં દેવાના ડુંગર તળે દબાતા દેવભૂમિ દ્વારકાના ખૂણે-ખૂણેથી ખેડૂતોનો એક જ અવાજ અને બુલંદ માંગ ઉઠી રહી છે–'દ્વારકા જિલ્લાને તાત્કાલિક અસરથી દુષ્કાળગ્રસ્ત જાહેર કરો!'



દ્વારકા જિલ્લાના ખંભાળિયા, કલ્યાણપુર, ભાણવડ અને દ્વારકા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની ચૂકી છે. મોસમનો પૂરતો વરસાદ ન થવાના કારણે સિંચાઈના સ્રોતો સુકાઈ ગયા છે અને કુવાઓના તળિયા દેખાવા લાગ્યા છે. મગફળી, કપાસ, તિલ અને કઠોળ જેવા મુખ્ય પાકો પાણી વગર સુકાઈને પાપડ જેવા થઈ ગયા છે. ખેડૂતોએ વ્યાજે પૈસા લાવીને કરેલું વાવેતર નિષ્ફળ જતાં હવે પરિવારોનું ગુજરાન ચલાવવું અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવી પણ અશક્ય બની ગઈ છે.

દર વખતે કુદરતી આફત આવે ત્યારે તંત્ર દ્વારા 'સર્વે કરાવવામાં આવશે' તેવા પોકળ આશ્વાસનો આપવામાં આવે છે, પરંતુ કાગળ પરના સર્વે પૂરા થતાં સુધીમાં ખેડૂત બરબાદ થઈ ચૂક્યો હોય છે. દ્વારકાના ખેડૂત આગેવાનો અને ધરતીપુત્રોનો સીધો આરોપ છે કે સરકાર માત્ર મોટી મોટી જાહેરાતો કરે છે, પણ જ્યારે ખરેખર કિસાનને સહાયની જરૂર હોય છે ત્યારે સરકારી બાબુઓ નિયમોના ચોકઠાં બતાવીને હાથ ઊંચા કરી દે છે.

શું સરકાર કોઈ ખેડૂત આત્મહત્યા કરે તેની રાહ જોઈ રહી છે?

જ્યારે ખેતરોમાં પાક જ નથી બચ્યો, તો પછી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં વિલંબ શા માટે?

# ગૃહરાજ્યમાં કાગળ પરની દારૂબંધી અને લઠ્ઠાકાંડની પરંપરા : જનતાના હોમાતા જીવ વચ્ચે હપ્તાખોરી અને રાજકારણનો પર્દાફાશ!

## સ્થાનિક પોલીસ અને રાજકીય આકાઓના આશીર્વાદ વગર ખૂણે-ખૂણે ઝેરી દારૂ પહોંચવો અશક્ય છે : વિપક્ષ

ભાવનગર

ભાવનગરમાં સર્જાયેલી લઠ્ઠાકાંડની કરુણાંતિકાએ ફરી એકવાર આખા ગુજરાતને સ્તબ્ધ કરી દીધું છે. ગાંધી અને સરદારના આ રાજ્યમાં 'કાગળ પરની દારૂબંધી'ના દાવાઓ વચ્ચે ઝેરી દારૂના કારોબારે અનેક નિર્દોષ લોકોના ભોગ લીધા છે. દારૂબંધીના કડક અમલના મોટા-મોટા દાવા કરતી સરકાર અને પોલીસ તંત્ર આ ઘટના બાદ ફરી એકવાર કટેડામાં આવીને ઊભા રહી ગયા છે. લઠ્ઠાકાંડમાં હોમાયેલા નિર્દોષોના સબંધીઓના આક્રંદથી ભાવનગર જ નહીં, પણ સમગ્ર ગુજરાતમાં ભારે જનઆક્રોશ અને અરેરાટી વ્યાપી ગયા છે. ભાવનગર કાંડ બાદ રાજ્યનું રાજકારણ પણ ગરમાયું છે. આમ આદમી પાર્ટી (AAP)ના






પ્રદેશ નેતા ગોપાલ ઈટાલિયાએ સરકારની નીતિ અને પોલીસ તંત્રની નિષ્ક્રિયતા સામે સીધા અને વિસ્ફોટક પ્રહારો કર્યા છે. વિપક્ષે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે સ્થાનિક પોલીસ અને રાજકીય આકાઓના આશીર્વાદ વગર ખૂણે-ખૂણે ઝેરી દારૂ પહોંચવો અશક્ય છે. માત્ર નાના-મોટા બૂટલેગરોને પકડીને કેસ સમેટી લેવાને બદલે, આ કાળા કારોબાર પાછળ બેઠેલા આકાઓ અને હપ્તા ઉઘરાવતા કાળી ભંડોળના ભાગીદારો સામે ક્યારે પગલાં લેવાશે? તેવા સણસણતા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. દર વખતે કોઈ હોનારત સર્જાય એટલે તંત્ર અચાનક 'સ્પેશિયલ ડ્રાઈવ'ના નાટકો શરૂ કરી દે છે. બે-ચાર દિવસ દરોડા પડે છે, મીડિયામાં કેસના આંકડા બતાવવામાં આવે છે અને થોડા જ દિવસોમાં પરિસ્થિતિ ફરી 'ઘીના ઠામમાં ઘી' જેવી થઈ જાય છે. લઠ્ઠાકાંડમાં જીવ ગુમાવનારા પરિવારોમાં આજે રોજીરોટી કમાનારા મોભીઓ છીનવાઈ ગયા છે. નિર્દોષ પરિવારો અનાથ બની રહ્યા છે ત્યારે જનતા પૂછી રહી છે કે–રાજ્યમાં કાયદો અને સુરક્ષા માત્ર ચોપડે જ રહેશે કે પછી સામાન્ય નાગરિકોના જીવની પણ કોઈ કિંમત છે? હવે ગ્રાઉન્ડ લેવલ પરથી લોકરોષ એવો ઉઠ્યો છે કે માત્ર હંગામી દરોડા પાડવાથી આ દૂષણ નાબૂદ નહીં થાય. ગેરકાયદે દારૂના વેપાર સાથે સંકળાયેલા મોટા માફિયાઓ, ભ્રષ્ટ અધિકારીઓ અને સંરક્ષણ આપતા નેતાઓ સામે 'ગુંડા એક્ટ' અને કડક કાનૂની જોગવાઈઓ હેઠળ દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે. જે વિસ્તારમાં લઠ્ઠાકાંડ બને ત્યાંના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર સીધી જવાબદારી નક્કી કરીને તેમને બરતરફ કરવામાં આવે તેવી પ્રબળ માંગણી ઉઠી છે. શું ભાવનગર કાંડ પણ ભૂતકાળના કિસ્સાઓની જેમ માત્ર તપાસ સમિતિઓના અહેવાલોમાં દબાઈ જશે? શું તંત્ર દર વખતે આવી હોનારતો બાદ જ જાગશે?

જો દારૂબંધીનો કાયદો સાચા અર્થમાં અમલમાં મૂકવો હોય તો કાગળ પરની ડ્રાઈવ બંધ કરીને ભ્રષ્ટાચારના મૂળિયાં કાપવા પડશે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પિડિત પરિવારો સાથે મક્કમતાથી ઊભું છે અને જવાબદારો સામે પગલાં ન ભરાય ત્યાં સુધી સરકાર અને પોલીસ તંત્રને સતત સવાલો પૂછતું રહેશે!

---

ડભોઈનો વિકાસ માત્ર કાગળ પર

# ₹42 કરોડના સરિતા ઓવરબ્રિજ પર 2 મહિનામાં 60થી વધુ લાઈટો બંધ

ડભોઈ

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને યાત્રાધામો તરફ જતા મુખ્ય માર્ગ પર અંધારપટતંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગત સામે ઉઠ તા સવાલો ડભોઈમાં કરોડો રૂપિયાના ખર્ચે થયેલા વિકાસકામો મા ત્ર કાગળ પર ચમકતા હોય અ ને જમીની સ્તરે ઝાંખા પડતા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ડભોઈ ખાતે 42 કરોડના ખર્ચે બનેલા સરિતા ઓવરબ્રિજ પર લગાવવામાં આવેલી 280 નવી સ્ટ્રીટ લાઈટોમાંથી બે જ મહિનામાં 60થી વધુ લાઈટો બંધ થઈ જતાં બ્રિજ પર અંધારપટ છવાઈ ગયો છે. કરોડોના ખર્ચે ઝળહળતો થયેલો બ્રિજ ટૂંકા ગાળામાં જ બિસ્માર હાલતમાં મુકાતા સ્થાનિકો અને મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરિતા ઓવરબ્રિજ માત્ર ડભોઈ પૂરતો સીમિત નથી, પરંતુ તે વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન અને ધાર્મિક સ્થળોને જોડતો અતિ મહત્વનો માર્ગ છે સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતાનગર/કેવડિયા) અને રાજપીપળા જતો મુખ્ય હાઈવે કરનાળી, ચાણોદ અને પોઈચા (કુબેર ભંડારી તથા સ્વામિનારાયણ



મંદિર) જેવા મુખ્ય યાત્રાધામો તરફ જતો રસ્તો.વઢવાણા પક્ષી અભયારણ્ય તરફ જતા પર્યટકોનો મુખ્ય રૂટ. દરરોજ અહીંથી હજારો વાહનચાલકો અને પ્રવાસીઓ પસાર થાય છે. રાત્રિના સમયે 'એક લાઈટ ચાલુ અને બે લાઈટ બંધ' જેવી સ્થિતિ સર્જાતા અંધારાના કારણે અકસ્માતનો ગંભીર ભય ઊભો થયો છે.તંત્રની બેદરકારી સામે ગંભીર સવાવબ્રિજના લોકાર્પણના માત્ર બે મહિનામાં જ 60 જેટલી લાઈટો ગુલ થઈ જતાં કામગીરીની ગુણવત્તા સામે સીધા આંગળી ચીંધાઈ રહી છેઉદ્ઘાટન પૂર્વે અધિકારીઓએ લાઈટોની ગુણવત્તા અંગે કોઈ ટેસ્ટિંગ કે ચકાસણી કરી હતી ખરી? હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરનાર કોન્ટ્રાક્ટર સામે તંત્ર કેમ મૌન છે શું અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગતના કારણે જનતાના ટેક્સના નાણાંનો વેડફાટ થઈ રહ્યો છે લાખો મુસાફરોની સલામતી જોખમમાં મૂકનારા જવાબદારો સામે સરકાર કડક પગલાં ભરશે કે પછી આ લાલિયાવાડી આમ જ ચાલતી રહેશે, તે જોવું રહ્યું.

---

અમરેલીના માંડવડામાં ખનીજ માફિયાઓનો બેફામ આતંક

# દરોડો પાડવા પહોંચેલા અધિકારીઓ પર લોડર ચડાવી જાનથી મારી નાખવાનો ગંભીર પ્રયાસ!

અમરેલી

અમરેલી જિલ્લામાં શેત્રુંજી નદીના પટ વિસ્તારમાં ગેરકાયદે ખનીજ ચોરી કરતા માફિયાઓ એટલા બેફામ બન્યા છે કે હવે તેમને કાયદા કે તંત્રનો કોઈ ડર રહ્યો નથી.

અમરેલીના નાના અને મોટા માંડવડા ગામના નદીપટમાં ચાલતા ગેરકાયદે ખનન પર ભૂસ્તર વિભાગ (ખાણ-ખનીજ) દ્વારા સરપ્રાઈઝ દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી




દરમિયાન ખનીજ માફિયાઓએ કાયદો હાથમાં લઈને દરોડો પાડવા પહોંચેલા સરકારી અધિકારીઓ પર સીધું લોડર ચડાવી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ગાળાગાળી, ઝપાઝપી અને જીવલેણ હુમલો: બે ડમ્પર જપ્ત

મળતી વિગતો મુજબ, ભૂસ્તર વિભાગની ટીમે દરોડા દરમિયાન સ્થળ પરથી ખનીજ ચોરીમાં વપરાતા બે બિનવારસી ડમ્પર જપ્ત કર્યા હતા. કાર્યવાહીથી ઉશ્કેરાયેલા લોડર માલિક અને તેના સાથીદારોએ અધિકારીઓ સાથે ભારે ગાળાગાળી કરી, ઝપાઝપી કરીને ધમકીઓ આપી હતી. આટલેથી ન અટકતાં, અધિકારીઓ પર કચડી નાખવાના આશયથી લોડર ચડાવવાનો સીધો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ ઘર્ષણ દરમિયાન ગેરકાયદે ખનનમાં સંકળાયેલા તત્વો લોડર અને ટ્રેક્ટર લઈને સ્થળ પરથી રફુચક્કર થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ૧૧૨ ઈમરજન્સી ટીમ અને અમરેલી તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પરથી જપ્ત કરાયેલા વાહનો કબ્જે લીધા છે.

---

ભરૂચમાં 4,000થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં સફળતા : પ્રફુલ પાનશેરીયા

# દિકરીના ઘરે પહોંચી માતાને શિક્ષણનું મહત્વ સમજાવી પ્રભારી મંત્રીએ દિકરીને પુન: શાળામાં પ્રવેશ કરાવ્યો



ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ, રાજ્ય સરકારના 'બેક ટુ સ્કૂલ અભિયાન' અંતર્ગત 'સમરસ સેતુ વિદ્યા અભિયાન' હેઠળ ભરૂચ જિલ્લામાં શિક્ષણ વિભાગ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. વિવિધ કારણોસર ધોરણ ૧ થી ૧૨ વચ્ચે અભ્યાસ છોડી ચૂકેલા આશરે ૪,૦૦૦ દીકરા-દીકરીઓને પુન: શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં સફળતા મળી છે. આજરોજ ભરૂચ ખાતે અતુલાનંદજી ઓડિટોરિયમ હોલ, જે.પી. કોલેજ ખાતે યોજાયેલ સમરસ સેતુ વિદ્યા અભિયાન કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલા ભરૂચ જિલ્લા પ્રભારી મંત્રી તથા રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણથી વંચિત રહેલા દરેક બાળકને ફરીથી જ્ઞાનના માર્ગે આગળ વધારવાનો આ પ્રયાસ માત્ર સરકારી કાર્યક્રમ નહીં પરંતુ સમાજના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનો પવિત્ર યજ્ઞ છે.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મંત્રીશ્રીએ ભરૂચ શહેરની અંબે માતા વિદ્યાલયમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ - ૨૫ બાદ ધોરણ- ૮ પછી અભ્યાસ છોડી દીધેલ દીકરી હિરલબેન દિનેશભાઈ મીરના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ દીકરીની માતા સાથે આત્મીય સંવાદ કરી શિક્ષણનું જીવનમાં રહેલું મહત્વ, દીકરીના ભવિષ્ય નિર્માણમાં શિક્ષણની ભૂમિકા અને અભ્યાસ ચાલુ રાખવાની આવશ્યકતા અંગે વિસ્તૃત સમજણ આપી હતી.

---

સફાઈ માટે ગ્રામ પંચાયતને સૂચના

# શિનોરમાં નવી બનેલી બે આંગણવાડીનું લોકાર્પણ ગંદકીના કારણે અટવાયું

સાધલી, હસમુખ પટેલ

વડોદરા જિલ્લાના શિનોર તાલુકા મથકે આઈ.સી.ડી.એસ. કચેરી શિનોર દ્વારા બે સરકારી નવીન આંગણવાડી બનાવેલ છે , અને તેનું લોકાર્પણ કરવાનું છે, પરંતુ આ બંને આંગણવાડીની સામે તથા આજુબાજુ પારાવાર ગંદકી, દુષિત પાણી જે દુર્ગંધ મારે છે,તથા કચરો અને ઝાડી ઝાંખરા ઊભી નીકળેલા છે, જેના કારણે તૈયાર થયેલ આ 2 નવીન આંગણવાડીના મકાનોનું લોકાર્પણ થઈ શકતુ નથી, કારણ કે નાના નાના બાળકો આ આંગણવાડીમાં આવે અને આ પારાવાર ગંદકીના કારણે બીમારીનો ભોગ બને અથવા તો તેઓનું આરોગ્ય જોખમાય એવું બની શકે તેમ છે. લોકાર્પણ સમયે બાળકો, તેમના વાલીઓ અને આમંત્રિત મહેમાનો પધારવાના






હોવાથી બાળ યોજના અધિકારી દ્વારા શિનોર ગ્રામ પંચાયતને આ ગંદકી દૂર કરવા અને કાયમ માટે સ્વચ્છતા જાળવવા માટે તથા જરૂરી સફાઈ કરવા માટે લેખિત પત્ર લખીને વિનંતી કરેલ છે. શિનોર તાલુકા મથકે વિવિધ સરકારી કચેરીઓ આવેલ છે , તાલુકા હેલ્થ ઓફિસ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સ્વચ્છતા માટે ઘણા પ્રયત્નો થાય છે અને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ એવા સૂત્રો આપીને ફોટોસેશન કરવામાં આવે છે ,પરંતુ ખાટલે મોટી ખોળ એ છે કે ફોટોસેશન કરાવ્યા પછી આ આંગણવાડીની આજુબાજુની ગંદકી કોઈને દેખાતી નથી એ તમામ કચેરીઓના અધિકારીઓ ,પદાધિકારીઓ તથા જાગૃત નાગરિકો માટે શરમજનક છે.

---

# કિમ પોલીસ સ્ટેશનમા પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી લેતી સુરત ગ્રામ્ય એલ.સી.બી

બારડોલી, રાધાસિંહ

સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક, રાજેશ ગઢિયા દ્વારા સુરત ગ્રામ્ય જીલ્લામાં બનેલા મિલકત તેમજ શરીર સબંધી ગુનાઓ આચરી નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓ શોધી કાઢવા સુચના અપાઈ હતી સુચનાને આધારે સુરત જીલ્લા વિસ્તારમાં અલગ અલગ પોલીસ સ્ટેશનના નાસતા ફરતા તથા વોન્ટેડ આરોપીઓ પકડી કાર્યવાહી કરવા પી.આઇ,એન.જી.પાંચાણી, તેમજ પી.એસ.આઈ, જે. એલ. પટેલના દિશાનિર્દેશ મુજબ એલ.સી.બી અને પેરોલ ફર્લો શાખાના પોલીસ કર્મચારીઓઅનિલભાઈ તેમજ ભુપેન્દ્રભાઈની ટીમે અંગત હ્યુમન શોર્સીસ તેમજ ટેકનીકલ દીશામાં તપાસ આદરી હતી નાસતા-ફરતા આરોપીઓની વોચ તપાસમાં હતા દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે, "કિમ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(એ,ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૧૧૧(૨)(બી), ૧૧૧(૩)(૪) મુજબના ગુનામા નાસતો ફરતો વોન્ટેડ આરોપી હરીશ પુનાભાઇ વસાવા રહે.મોટા બોરસરા ગામ, નવાપરા ફળીયુ તા.માંગરોલ જીલ્લો.સુરત હાલમા કોસંબા ફાટક પાસે ઓવરબ્રીજની નીચે ઉભેલો હોવાની ચોક્કસ માહિતી મળતા એલ.સી.બી પોલીસની ટીમે બાતમીની જગ્યા પરથી આરોપીને દબોચી તેના નામ-ઠામની પુછ પરછ કરતા પોતાનું નામ હરીશ પુના વસાવા જે કિમ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ હોવાની કબુલાત કરતા તેની વિરુદ્ધ કાર્યવાહી કરી કોસંબા પોલીસ સ્ટેશનમા સોંપવામાં આવ્યો હતો

---

"ગુજરાતમાં દારૂબંધી ક્યારેય નહીં હટે"

# જીતુ વાઘાણીનું મોટું નિવેદન, ભાવનગર SP ઓફિસની સમીક્ષા બેઠક બાદ તંત્ર એક્શનમાં

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના અમલ અને કાયદા-વ્યવસ્થાની સ્થિતિને લઈને ઉઠેલા સવાલો વચ્ચે ભાજપના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય જીતુ વાઘાણીએ સ્પષ્ટ અને મક્કમ નિવેદન આપ્યું છે. ભાવનગર ખાતે જિલ્લા પોલીસ વડા (SP)ની ઓફિસે યોજાયેલી એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બાદ મીડિયા સાથે વાતચીત કરતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાતમાં દારૂબંધી હટાવવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને રાજ્યમાં દારૂબંધીનો કાયદો કડકપણે અમલમાં રહેશે.

ભાવનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે એસ.પી. કચેરી ખાતે ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ બેઠકમાં જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પ્રશાસનિક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં અસામાજિક તત્વો, ગેરકાયદે પ્રવૃત્તિઓ અને દારૂના દૂષણ સામે લેવાયેલા પગલાં અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠક બાદ જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, 'ગુજરાત ગાંધી અને સરદારનું રાજ્ય છે. રાજ્યમાં દારૂબંધી હટાવવાનો કોઈ વિચાર નથી અને ભવિષ્યમાં પણ દારૂબંધી ક્યારેય નહીં હટે.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અસામાજિક પ્રવૃત્તિઓ અને બૂટલેગરો સામે પોલીસ વિભાગને વધુ સઘન અને આકરા પગલાં લેવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે. કોઈપણ ગુનેગારને બક્ષવામાં આવશે નહીં.

રાજકીય નેતાઓ અને તંત્ર દ્વારા વારંવાર દારૂબંધીના કડક અમલના દાવા કરવામાં આવે છે, પરંતુ બીજી તરફ અવારનવાર પકડાતો દારૂનો જથ્થો અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે સવાલો ઉભા કરે છે. જીતુ વાઘાણીના આ સ્પષ્ટ નિવેદન બાદ હવે જોવાનું એ રહે છે કે ભાવનગર પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા દારૂના દૂષણને નાથવા માટે કેવા આકરા પગલાં ભરે છે. પાક્કો ગુજરાત ન્યૂઝ આ અંગેના તમામ અપડેટ્સ આપ સુધી પહોંચાડતું રહેશે.

---

ભાદરવી પૂનમીયા સેવા સંઘની મિટિંગ યોજાઈ

# ભાદરવી મહાકુંભ 2026 આવનારા 20 થી 26 સપ્ટેમ્બર ભાદરવી મહામેળો : કુલ 1685 સંઘોનું રજીસ્ટ્રેશન થયું

અંબાજી

શક્તિ,ભક્તિ અને આસ્થાના કેન્દ્ર એવા અંબાજી ખાતે આગામી 20 થી 26 સપ્ટેમ્બર 2026 દરમિયાન ભાદરવી મહાકુંભના આયોજન અગાઉ 21 સપ્ટેમ્બરે અંબાજીની વિજ્યા રિસોર્ટ ખાતે વહીવટી અને પોલીસ અધિકારીઓના અધ્યક્ષસ્થાને ભાદરવી પૂનમીયા સંઘ સેવા ટ્રસ્ટ્રની વાર્ષિક બેઠક યોજાઈ હતી,જેમાં બહોળી સંખ્યામાં આખા ગુજરાતના સંઘના પ્રતિનિધિઓ જોડાયા હતા.મહામેળાને લઈને



મંદિરના વહીવટદારે, પ્રાંત અધિકારીએ સૂચનો રજૂ કર્યા હતા સાથેસાથે જિલ્લા વિકાસ અધિકારીએ સ્વચ્છતાને લઈને પણ સારો સંદેશ આપ્યો હતો.

બનાસકાંઠા પોલીસ વડાએ જણાવ્યું હતું કે 7,000 જેટલા પોલીસ કર્મીઓ મેળા દરમિયાન માઈ ભક્તોની સુરક્ષા કરશે. જિલ્લા કલેક્ટરે પણ તમામ મુખ્ય માંગો સ્વીકારીને મેળો સુખ સંપન્ન રીતે પાર પડે તેવી બાહેધરી ભાદરવી પૂનમીયા સેવા સંઘને આપી હતી.અંબાજી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું કે, આ વર્ષે ભાદરવી પૂનમ મહામેળાનું સુચારુ આયોજન થાય તેને લઈને ખાસ વ્યવસ્થાઓ ઉભી કરાશે. સ્વચ્છતા સાથે માઈ ભક્તોને દર્શન આસાનીથી થાય તેવી વ્યવસ્થા મંદિર દ્વારા કરવામાં આવશે. ભાદરવી પૂનમીયા સેવા સંઘ દ્વારા મુખ્ય ત્રણ માંગણીઓ રજૂ કરવામાં આવી હતી,જેનો પણ ટ્રસ્ટ દ્વારા ઉકેલ આવે તેવી બાંહેધરી આપવામાં આવી હતી.

---

# રાણાવાવ પો.સ્ટે.ના બરડા ડુંગરના દીપડાવાળી જર વિસ્તારમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઉપર LCBનો દરોડો

- **દેશી દારૂ બનાવવાનો આથો લીટર 800,દારૂ બનાવવાના સાધનો મળી કુલ રૂ।.23,250/- નો મુદ્દામાલ કબ્જે. બુટલેગર ફરાર**

ગોસા(ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદર LCBએ રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બરડા ડુંગરના દીપડાવાળી જર વિસ્તારમાં દેશી દારૂ બનાવવાના અડ્ડા પર દરોડો પાડી મોટી કાર્યવાહી કરી છે. ગુજરાત રાજ્ય પોલીસ દ્વારા 18થી 21 ઓગસ્ટ દરમિયાન યોજાયેલી સ્પેશિયલ પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત આ કાર્યવાહી કરવામાં આવી હતી.

LCBના સ્ટાફને મળેલી બાતમીના આધારે રાણાના ઝાડ નીચે ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પરથી 800 લીટર દેશી દારૂ બનાવવાનો આથો મળી આવ્યો હતો.

આ ઉપરાંત 200 લીટરના ચાર પ્લાસ્ટિકના બેરલ, બે બોઈલર બેરલ, બે ફિલ્ટર બેરલ તથા 15 લીટરના ખાલી ડબ્બા સહિત દારૂ બનાવવામાં ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનો મળી આવ્યા હતા.

પોલીસે આ તમામ મુદ્દામાલ સહિત કુલ રૂ.23,250નો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન ભઠ્ઠી ચલાવતો આરોપી રાજુ નાગાભાઈ ઉલવા, રહે. આદિત્યાણા ગામ, રાણાવાવ હાજર મળી આવ્યો ન હતો અને ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

આ મામલે રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ 65(A)(F) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. કામગીરી LCB ઈન્ચાર્જ PI આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.


## તંત્રી લેખ...

# વાહનોના ટાંકી ભરાયા, પણ પ્રજાના પેટ ખાલી

## ઈથેનોલની ઘેલછામાં મધ્યમવર્ગના રસોડા પર સરકારી ડાકા સામે 'પાક્કો ગુજરાત'નો આક્રોશ!

દેશનો સામાન્ય નાગરિક અને ગૃહિણીઓ જ્યારે સવારે ઉઠીને ચાનો કપ હાથમાં લે છે, ત્યારે તેમને સ્વાદ નહીં પણ મોંઘવારીનો કડવો ઘૂંટડો ગળવો પડે છે. ભારતીય મધ્યમવર્ગીય પરિવારના રસોડા પર આજે સરકારી નીતિઓની એવી ઘાતક કૂહાડી વાગી છે જેણે ગરીબ અને મધ્યમવર્ગની કમર ભાંગી નાખી છે. દેશભરમાં ખાંડના ભાવમાં ૧૩ ટકા જેટલો તીવ્ર અને અસહ્ય ઉછાળો ઝીંકી દેવામાં આવ્યો છે. જે ખાંડ અગાઉ ૪૦ રૂપિયે કિલો મળતી હતી, તે આજે ગુજરાતના બજારોમાં ૬૦ થી ૬૫ રૂપિયે વેચાઈ રહી છે. જો સરકાર પોતાની ઊંઘમાંથી નહીં જાગે, તો આગામી તહેવારોની મોસમમાં ખાંડ ૭૦ થી ૭૫ રૂપિયાનો આંકડો વટાવી જશે.

## વાહનોનું ઇંધણ મોંઘું કે પ્રજાનું પેટ? સરકારની દિશાહીન નીતિનો પર્દાફાશ



આ કોઈ કુદરતી હોનારત કે પાકની ખરાબીથી આવેલી મોંઘવારી નથી, આ તો સરકારે જાતે ઉભી કરેલી કૃત્રિમ અછત છે! કેન્દ્ર સરકાર પર્યાવરણ અને 'ઈથેનોલ બ્લેન્ડિંગ'ના નામે જે વાહવાહ લૂંટી રહી છે, તેની પાછળનો કડવો સત્ય એ છે કે દેશની ખાંડ મિલોને શેડીનો રસ અને ખાંડનો સ્ટોક વાહનો માટે 'ઈથેનોલ' બનાવવા તરફ ડાયવર્ટ કરવાની છૂટ આપી દેવાઈ. વાહનો માટે બળતણ બનાવવાની ઘેલછામાં સરકારે એ વિચારવાનું પણ મુનાસિબ ન માન્યું કે પ્રજા ખાશે શું? વાહનોમાં ઈથેનોલ ભેળવીને પેટ્રોલિયમ કંપનીઓની તિજોરીઓ ભરવામાં આવી રહી છે, જ્યારે સામાન્ય નાગરિકની થાળીમાંથી 'ગળપણ' છીનવાઈ રહ્યું છે.

## રસોડાનું બજેટ સંપૂર્ણ ધ્વસ્ત: ચોતરફ મોંઘવારીનો ચક્રવ્યૂહ

ખાંડ માત્ર ચા પૂરતી સીમિત નથી. ખાંડના ભાવ વધતા જ દૂધ, બિસ્કિટ, બેકરી પ્રોડક્ટ્સ, મીઠાઈઓ અને રોજીંદા વપરાશની વસ્તુઓ બનાવતી કંપનીઓએ ઝીંકાયેલા ભાવવધારાનો બોજ સીધો ગ્રાહકોના માથે નાખી દીધો છે. એક તરફ ખાંડના ભાવ ભડકે બળે છે, તો બીજી તરફ તેલ, લોટ, ગેસનો બાટલો અને લીલા શાકભાજીના ભાવ પહેલાથી જ આસમાને છે. તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવાર પોતાના બાળકોને મીઠાઈ ખવડાવવા માટે પણ સો વાર વિચાર કરવા મજબૂર બન્યો છે.

દાદાગીરી બંધ કરો, કાગળ પરના નિર્ણયો છોડી પ્રજાને રાહત આપો!

સ્થિતિ હાથમાંથી નીકળી ગયા પછી સરકાર કહે છે કે 'જથ્થાબંધ સ્ટોક મર્યાદા અડધી કરી' અને 'આયાત પર વિચાર કરી રહ્યા છીએ.' આ માત્ર કાગળ પરના નાટકો છે! જો સરકાર ખરેખર પ્રજાહિત વિચરતી હોય તો:

ઈથેનોલ માટે અપાતું ખાંડનું ડાયવર્ઝન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે.

કાળાબજારીયા અને ખાંડના મોટા સંગ્રહખોરો પર દરોડા પાડી સ્ટોક ખુલ્લો કરાવાય.

રેશનિંગ દુકાનો મારફતે ગરીબ અને મધ્યમવર્ગને સસ્તા દરે ખાંડ પૂરી પાડવામાં આવે.

## 'પાક્કો ગુજરાત'નો સરકારને સીધો પડકાર

શું દેશનો ગરીબ અને મધ્યમવર્ગ માત્ર ટેક્સ ભરવા અને સરકારી નીતિઓનો ભોગ બનવા માટે જ જીવે છે? વાહનોને સાચવવા માટે પ્રજાના પેટ પર પગ મૂકવાની આ નીતિ સાંખી લેવામાં નહીં આવે. જો સરકાર તાત્કાલિક ધોરણે ભાવ પર અંકુશ નહીં મેળવે, તો જનતાનો આક્રોશ શેરીઓ પર જોવા મળશે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' પ્રજાના રસોડા પર થયેલા આ ડાકા સામે સતત અવાજ ઉઠાવતું રહેશે અને સરકારને જવાબદાર ઠેરવશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# "જિંદગીમાં મહત્વ એને જ આપો, જે તમારી સાચી કિંમત સમજતું હોય...": પવન માકનની પંક્તિઓમાં છુપાયેલું આત્મસન્માન અને સાચા સંબંધોનું અમૃત...!

માનવ જીવન એ લાગણીઓ, વિશ્વાસ અને અનુભવોનો એક અનોખો તાંતણો છે. આ ભાગદોડ ભરેલી અને દેખાડાથી ભરેલી દુનિયામાં આપણે ઘણીવાર એવા લોકોને ખુશ કરવામાં, તેમની નજરમાં સારા બનવામાં અને તેમને સાચવવામાં આપણો કિંમતી સમય અને ઊર્જા વેડફી નાખીએ છીએ, જેમને આપણી હાજરી કે ગેરહાજરીથી કોઈ જ ફરક નથી પડતો. હિન્દીના જાણીતા વિચારક અને કવિ પવન માકનની આ હૃદયસ્પર્શી પંક્તિ– 'જિંદગીમાં મહત્વ એને જ આપો, જે તમારી સાચી કિંમત સમજતું હોય...'– આપણને જિંદગી જીવવાનો એક ખૂબ જ ઊંડો અને મૌલિક પાઠ ભણાવે છે.

સ્વાર્થ અને સોશિયલ મીડિયાના યુગમાં પોકળ સંબંધોનો અરીસો

આજના આધુનિક યુગમાં આપણી આસપાસ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ કે વોટ્સએપ પર સેંકડો 'મિત્રો' અને 'ઓળખાણો'નો જમાવડો હોય છે. પરંતુ જ્યારે જીવનમાં ખરેખર મુશ્કેલીઓનો પહાડ તૂટી પડે છે, ત્યારે આ ભીડમાંથી સાથ આપનારા આંગળીના વેઢે ગણાય તેટલા જ બચે છે. આપણી સૌથી મોટી ભૂલ એ હોય છે કે આપણે એવા લોકો પાછળ દોડીએ છીએ જે આપણને માત્ર જરૂરિયાત સમયે જ યાદ કરે છે. પવન માકનનું આ વિધાન આપણને જાગૃત કરે છે કે જે સ્થળે કે જે વ્યક્તિની નજરમાં તમારો કોઈ આદર નથી, ત્યાં તમારી લાગણીઓનો અલ્પોહાર કરાવવો એ પોતાના આત્મસન્માનનું અપમાન છે.

હીરા અને કાચના ટુકડા વચ્ચેનો તફાવત: કદર કરનાર જ સાચો પારખુ

જેમ સામાન્ય માણસ માટે હીરો માત્ર કાચનો ટુકડો લાગે છે, પરંતુ એક ઝવેરી જ તેની સાચી કિંમત અને ચમક ઓળખી શકે છે; તેમ જ તમારા સદ્ગુણો, તમારી નિષ્ઠા, તમારું નિષ્કપટ મન અને તમારી લાગણીઓની સાચી કદર પણ એ જ કરી શકે જેનું પોતાનું દિલ સાચું અને સાફ હોય.

તમારા જીવનમાં ખરેખર મહત્વ આપવા યોગ્ય વ્યક્તિ કોણ છે?

સુખ-દુઃખનો સાથી: જે તમારા સારા દિવસોમાં જ નહીં, પરંતુ જ્યારે આખી દુનિયા તમારો સાથ છોડી દે ત્યારે પણ તમારી સાથે અડીખમ ઊભી રહે.

માર્ગદર્શક અને પ્રેરણા: જે તમારી ભૂલો પર પડદો પાડવાને બદલે તમને પ્રેમથી સુધારે અને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે.

સ્વમાનનું રક્ષક: જે ક્યારેય જાહેરમાં કે એકાંતમાં તમારા આત્મસન્માનને ઠેસ ન પહોંચાડે.

આત્મસન્માન જ સાચી સંપત્તિ: પહેલાં પોતાની જાતને માન આપો

બીજા કોઈ આપણી કિંમત કરે તે પહેલાં આપણે પોતે આપણી જાતને પ્રેમ કરવો અને માન આપવું ખૂબ જરૂરી છે. જ્યારે તમે તમારી પોતાની કિંમત સમજતા શીખી જશો, ત્યારે તમને કોઈની સામે પોતાની જાતને સાબિત કરવાની જરૂર નહીં પડે. જે સંબંધમાં પરસ્પર આદર, સ્નેહ અને કદર નથી હોતી, તે સંબંધ માત્ર બોજ બની જાય છે. સંબંધો ક્યારેય એકતરફી ન હોઈ શકે; જ્યાંથી પ્રતિસાદ ન મળે ત્યાંથી શાંતિથી પાછળ હટી જવું એ જ સમજદારી છે.

'પાક્કો ગુજરાત'નો હૃદયસ્પર્શી સંદેશ

જિંદગી ખૂબ ટૂંકી છે અને સમય બહુ કિંમતી છે. તેને એવા લોકો પાછળ ન વેડફો જે તમને ગ્રાન્ટેડ (Granted) લે છે. તમારા જીવનનો પ્રત્યેક ક્ષણ એવા સ્વજનો સાથે વીતાવો જે તમારી કદર કરે છે, તમારા અસ્તિત્વનો સ્વીકાર કરે છે અને તમને જેવા છો તેવા જ નિઃસ્વાર્થ પ્રેમ કરે છે. જે તમારી સાચી કિંમત ન સમજે, તેને તમારા જીવનમાંથી મુક્ત કરીને પોતાના સ્વમાન અને હાસ્ય સાથે જીવવું–એ જ જિંદગીનો સાચો આનંદ છે!

# કોરિયન હાર્ટથી લઈને રાત્રે 2 વાગ્યા સુધી ચાલતા અતિશય વિચારો, 'સિચ્યુએશનશિપ'થી લઈને 'સોલમેટ' સુધી - નેશનલ ઇન્ડક્શન 7.0માં Gen Zના દરેક પ્રશ્નનો ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી એ આપ્યો જવાબ

તારીખ ૨૦ ઓગસ્ટ ગુરુવારે એક આત્મીય અને જીવંત સંવાદમાં ભારતની ૧૩૦૦થી વધુ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ જેમ કે IIT, IIM, NIT અને AIIMS જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના પ્રથમ વર્ષના હજારો વિદ્યાર્થીઓએ વૈશ્વિક માનવતાવાદી અને આધ્યાત્મિક ગુરુ ગુરુદેવ શ્રી શ્રી રવિ શંકર સાથે સંવાદ કર્યો.

વિદ્યાર્થીઓએ પોતાના મનના અનેક પ્રશ્નો ખુલ્લેઆમ તેમની સમક્ષ રજૂ કર્યા, લોકપ્રિય કોરિયન હાર્ટ ઈમોજીના અર્થથી લઈને વિચારોની એ અનંત શ્રેણી સુધી, જે આજના અનેક યુવાનોને રાત્રે બે વાગ્યા સુધી જાગતા રાખે છે. જ્યારે એક વિદ્યાર્થીએ પુછ્યું કે જીવનમાં 'સિચ્યુએશનશિપ' પસંદ કરવી જોઈએ કે 'સોલમેટ'ની શોધ કરવી જોઈએ, ત્યારે ગુરુદેવે આ પ્રશ્નને એક નવી દૃષ્ટિ આપી. તેમણે કહ્યું - "તમારી જાતને એ બીજા વ્યક્તિની જગ્યાએ રાખીને જુઓ. જો તમે કોઈને તમારા જીવનસાથી તરીકે પસંદ કરો અને તે વ્યક્તિ તમને માત્ર એક 'સિચ્યુએશનશિપ' તરીકે જોવા માંગે, તો તમને કેવું લાગશે? ત્યારે તમે શું પસંદ કરશો?" કાશ્મીરની એક વિદ્યાર્થીનીએ પોતાના જીવનની બીજી એક ઊંડી મૂંઝવણ વ્યક્ત કરી. તેણે કહ્યું કે જીવનમાં બધું સારું હોવા છતાં અંદરથી એક પ્રકારની નિરર્થકતાનો અનુભવ થાય છે. ગુરુદેવે અત્યંત આત્મીયતાથી કહ્યું કે તેનો પ્રશ્ન આજે સમગ્ર વિશ્વના યુવાનોના મનમાં ચાલી રહેલા એક વ્યાપક સંઘર્ષને વ્યક્ત કરે છે. એકલતામાંથી બહાર આવવા અને જીવનમાં ફરીથી અર્થ તથા હેતુ શોધવા માટે તેમણે એક અત્યંત સરળ અને આંતરિક માધ્યમ - શ્વાસ તરફ સંકેત કર્યો. આ સંવાદ આર્ટ ઑફ લિવિંગના યુથ ડેસ્ક દ્વારા આયોજિત સાતમા નેશનલ ઈન્ડક્શન પ્રોગ્રામ (National Induction Programme) દરમિયાન થયો. આ કાર્યક્રમ એવી પેઢીને એકસાથે લાવ્યો, જે ટેક્નોલોજીના કારણે પહેલાં કરતાં વધુ જોડાયેલી છે, છતાં અંદરથી આત્મીયતા, જીવનનો અર્થ અને માનસિક સ્થિરતા શોધી રહી છે. પરંતુ સમગ્ર સંવાદમાં જે વાત વિદ્યાર્થીઓના મનમાં સૌથી વધુ અંકિત થઈ, તે હતી ગુરુદેવની સહજ જિજ્ઞાસા, તેમની રમૂજી શૈલી અને આ પેઢીને સમજવાની તથા તેની પાસેથી શીખવાની તેમની તૈયારી જે પેઢી મુશ્કેલમાં મુશ્કેલ પ્રશ્નો પૂછવામાં પણ સંકોચ અનુભવતી નથી. તેમણે યુવાનોને આગ્રહ કર્યો કે તેઓ એવા ગુણોને ક્યારેય ન ગુમાવે, જે યુવાનીને જીવંત બનાવે છે. તેમણે હસતાં-હસતાં કહ્યું "શરારતી બની રહો. આ જ યુવાનીની ઓળખ છે." સાથે જ તેમણે ઉમેર્યું "તમે ગતિશીલ અને શરારતી અવશ્ય રહો, પરંતુ તમારી શરારત કોઈ બીજા માટે પીડાનું કારણ ન બનવી જોઈએ." વિદ્યાર્થીઓને "આ દુનિયાની વાસ્તવિક સંપત્તિ" ગણાવતા ગુરુદેવે તેમને તેમની અસાધારણ ક્ષમતાઓની યાદ અપાવી. તેમણે કહ્યું કે દુનિયામાં જ્યાં પણ ઉત્તમ પ્રતિભાઓ જોવા મળે છે, ત્યાં ઓછામાં ઓછો એક ભારતીય જરૂર જોવા મળે છે.

એન્જિનિયરિંગ, મેડિસિન, કમ્પ્યુટર સાયન્સ, ફેશન અને હૉસ્પિટાલિટી જેવા વિવિધ ક્ષેત્રોમાં સમગ્ર વિશ્વમાં પોતાની ઓળખ બનાવી રહેલા ભારતીય યુવાનોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે સિદ્ધિઓ કરતાં પણ વધુ જરૂરી એક ગુણ છે "બહારથી મજબૂત અને અંદરથી પરિવર્તનક્ષમ વ્યક્તિત્વ." તેમના અનુસાર, મજબૂત હોવાનો અર્થ એવો નથી કે જીવનમાં ક્યારેય નિષ્ફળતા કે શંકા ન આવે; પરંતુ તેનો અર્થ એ છે કે

જ્યારે ક્રોધ આવે ત્યારે થોડા ઊંડા શ્વાસ લો, પરિસ્થિતિથી થોડું પાછળ હટો, પોતાની જાતને જુઓ - અને શક્ય હોય તો એ જ પરિસ્થિતિને હાસ્યમાં ફેરવી દો. સોશિયલ મીડિયા અને કૃત્રિમ બુદ્ધિમત્તાના આ યુગમાં તેમણે યુવાનોને વિવેકપૂર્ણ દૃષ્ટિકોણ અપનાવવાની સલાહ આપી. તેમણે કહ્યું - "સોશિયલ મીડિયા પર જે કંઈ આવે છે, તેને સાચું માની ન લો. ઘણી બધી વસ્તુઓ ખોટી હોય છે અને આજે તેમાંની ઘણી





Gurudev



Vizag Students

નિષ્ફળતાઓ અને અનિશ્ચિતતાઓ છતાં સતત આગળ વધતા રહેવું. તેમણે કહ્યું - "જે લોકો શરૂઆતમાં નિષ્ફળ જાય છે, તેમાંથી પણ ઘણા લોકો આગળ જતાં મહાન ઉદ્યોગસાહસિક બને છે. તેથી પોતાની જાત પર વિશ્વાસ રાખો." અને જ્યારે પોતાના નિર્ણયો અંગે ઊભી થતી શંકાની વાત આવી, ત્યારે તેમણે એક અત્યંત મહત્વપૂર્ણ દૃષ્ટિકોણ રજૂ કર્યો - "શંકા થવી કોઈ ખોટી વાત નથી, પરંતુ તેને પોતાની અંદર એટલી ઊંડી ઉતરવા ન દો કે તે જ તમારી ઓળખ બની જાય." આજના યુવાનોના જીવનમાં ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અને એકાગ્રતાનો પ્રશ્ન પણ એટલો જ મહત્વપૂર્ણ છે. નાના-નાના વીડિયો અને સતત ડિજિટલ ઉત્તેજનાના આદી બની રહેલી પેઢીના સંદર્ભમાં ગુરુદેવે કહ્યું - "આજે એકાગ્રતાની અછત ખૂબ સામાન્ય બની ગઈ છે. પહેલાં એકાગ્રતાની અવધિ ૪૦-૫૦ મિનિટ જેટલી હતી, આજે તે માત્ર ૩૦ સેકન્ડ રહી ગઈ છે." તેનો ઉકેલ તેમણે આંતરિક તણાવ દૂર કરવામાં જોયો. તેમના અનુસાર, "જ્યારે વ્યક્તિ અંદરથી તણાવમુક્ત હોય છે, ત્યારે તેની અંદર ઊર્જાનો સંચાર થાય છે અને તેની એકાગ્રતા પણ સ્વાભાવિક રીતે વધે છે." યુવાનોની ભાવનાત્મક મૂંઝવણો અંગે વાત કરતાં ગુરુદેવે પોતાના વિશિષ્ટ હાસ્યબોધનો પણ સહારો લીધો. તેમણે કહ્યું "જીવનમાં થોડું હાસ્ય રાખો." તેમણે યાદ અપાવ્યું કે ક્રોધ એ એવી સજા છે, જે આપણે પોતાને જ આપીએ છીએ.

બધી વસ્તુઓ AI દ્વારા બનાવવામાં પણ આવે છે." FOMO (Fear of Missing Out) - અર્થાત્ અન્ય લોકોથી પાછળ રહી જવાનો ભય - સંબંધો અને સતત આગળ વધતા રહેવાના સામાજિક દબાણ વચ્ચે ગુરુદેવે મિત્રતાની એક અત્યંત સુંદર અને સરળ વ્યાખ્યા આપી.

તેમણે કહ્યું - "સારો મિત્ર એ છે, જેની સાથે વાત કર્યા પછી તમે FOMOમાંથી બહાર આવી જાઓ. તમે JOMOમાં જીવો અને બીજાઓને FOMO આપો."

તેમના આ સહજ અને રમૂજી નિવેદન પર સમગ્ર સભાખંડ તાળીઓ અને હાસ્યથી ગુંજી ઉઠ્યો.

કદાચ આ સમગ્ર સંવાદનો સૌથી ઊંડો સંદેશ એ હતો કે યુવાનોને પોતાની મહત્વાકાંક્ષાઓ ઘટાડવાની, પ્રશ્નો પૂછવાનું બંધ કરવાની કે પોતાના સાહસ અને જિજ્ઞાસાને દબાવવાની કોઈ જરૂર નથી. યુવાન હોવું એટલે જીવનને પ્રશ્નો પૂછવા. યુવાન હોવું એટલે નવી રાહ પર ચાલવાનું સાહસ. યુવાન હોવું એટલે પડીને ફરી ઊભા થવાની ક્ષમતા. અને સૌથી મહત્ત્વનું - યુવાન હોવું એટલે પોતાની અંદરની જીવંતતાને જાળવી રાખવી. ગુરુદેવનો સંદેશ સ્પષ્ટ હતો સફળતાની દોડમાં પોતાની જાતને ખોઈ ન બેસો. પ્રશ્નો પૂછો, સપનાં જુઓ, પ્રયોગો કરો, હસો, નિષ્ફળતાઓમાંથી શીખો અને સૌથી મહત્વપૂર્ણ - તમારી અંદરની શાંતિ, ઊર્જા અને કરુણાને જીવંત રાખો.

# શુક્રવાર રક્ષાબંધને ખંડગ્રાસ ચંદ્રગ્રહણ : ભારતમાં દેખાશે નહિ

**વર્ષ 2026ના આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો ગ્રહણમાં 90 ટકા ભાગ ઢંકાઈ જશે. અદ્ભુત નજારો જોવા મળશે. ચંદ્રગ્રહણ નરી આંખે જોઈ શકાશે. ચંદ્રની વિવિધ કળા લોકોને મંત્રમુગ્ધ કરશે. ગ્રહણની અસર માનવજીવન ઉપર લેશમાત્ર પડતી નથી.**

વિશ્વના અમુક દેશો, પ્રદેશોમાં રક્ષાબંધન શુક્રવાર તા. ૨૮મી ઓગસ્ટે ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો બનવાનો છે. ભારતમાં આ ગ્રહણ બિલકુલ જોવા મળશે નહિ. ચંદ્રનો ૯૦ ટકા આસપાસનો ભાગ પૃથ્વીના પડછાયાના કારણે ઢંકાઈ જશે. આ નજારો અમેરિકા, યુરોપ અને આફ્રિકામાં અદભુત જોવા મળવાનો છે. અવકાશી નજારો જોવા માટે વૈજ્ઞાનિકોએ તૈયારી આરંભી દીધી છે. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરી ગ્રહણ સંબંધી લોકોને વૈજ્ઞાનિક સમજ આપશે. સંવત ૨૦૮૨ શ્રાવણ શુક્લ પક્ષ પુનમને શુક્રવાર તા. ૨૮મી ઓગસ્ટ ૨૦૨૬ કુંભ રાશિ શતભિષા નક્ષત્રમાં થનારું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાનાં પ્રદેશોમાં જોવા મળશે. ભારતમાં ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૦૬ કલાક ૫૪ મિનિટ, ગ્રહણ મધ્ય: ૯ કલાક ૪૨ મિનિટ, ગ્રહણ મોક્ષ : ૧૨ કલાક ૩૨ મિનિટ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૯૩ જયારે ઉપછાયા ગ્રાસમાન : ૧.૯૬૪૫ છે. ઉપછાયા ગ્રહણનો કુલ સમય : ૦૫ કલાક ૩૭ મિનિટ ૫૧ સેકન્ડ જેમાં ગ્રહણનો કુલ સમય : ૦૩ કલાક ૧૮ મિનિટ ૧૩ સેકન્ડ રહેશે. આ ગ્રહણ પૂર્વીય પેસિફિક, અમેરિકા, યુરોપ અને આફ્રિકાના પ્રદેશોમાં જોવા મળશે. આ ઉપરાંત હડસનબે, લેબ્રેડોર સમુદ્ર, ગ્રીનલેન્ડ સમુદ્ર, ઉત્તર એટલાન્ટીક સમુદ્ર, દક્ષિણ એટલાન્ટીક સમુદ્ર, વેડેલ સમુદ્ર, અમુન્ડસેન સમુદ્ર, રોઝ આઈસ સેલ્ફ અને એન્ટાર્કટીકા સર્કલમાં અદભુત જોવા મળવાનો છે. જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે વર્ષ ૨૦૨૬નું આખરી ખંડગ્રાસ ચંદ્રગ્રહણ રક્ષાબંધન દિવસે બનવાનું છે. ભારતના લોકોને જોવામાં નિરાશા મળશે. અમેરિકા, યુરોપ, આફ્રિકાના પ્રદેશોમાં ચંદ્રનો ભાગ ૯૦ ટકા આસપાસ ઢંકાઈ જશે. ચંદ્રની વિવિધ કળા, મુદ્રા કંડારવા ખગોળપ્રેમીઓ થનગની રહ્યા છે. નરી આંખે જોઈ શકાશે. ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી થઈ શકશે. ભારતના લોકો ટી.વી. ઉપર આહલાદક અવકાશી નજારો જોઈ શકશે. પૃથ્વીનો મિત્ર ચંદ્ર માનવી માટે અનેક પ્રકારે લાભપ્રદ છે. અવકાશી ઘટનાઓ જોવા-માણવા માટેની હોય છે. ગ્રહો કે ગ્રહણોને માનવજીવન સાથે કશી જ લેવા-દેવા નથી તેની સમજ આપવામાં આવશે. ચંદ્ર દર વર્ષે બે સેન્ટીમીટર ખસે છે. ભવિષ્યમાં આશરે ૪૭ કલાકનો દિવસ પણ બનશે. ગ્રહણ પૂનમ-અમાસનો સાથ છોડી ગમે તે તિથીએ ગ્રહણની ખગોળીય ઘટના બનશે. ભરતી-ઓટના વૈજ્ઞાનિક કારણની માહિતી આપવામાં આવશે. વૈજ્ઞાનિકો ખગોળી ઘટના વખતે માનવ કલ્યાણકારી સંશોધનો આદરે છે. ચંદ્ર-મંગળ ઉપર માનવી વસવાટ કરી શકે તે માટેની તૈયારી આરંભી દીધી છે. વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ત થયો છે. જયારે ગ્રહણ સમયે લેભાગુઓ, અમુક જયોતિષીઓ નકારાત્મક આગાહીઓ, રાશિ ફળકથનો, કર્મકાંડ-ક્રિયાકાંડો તરફ દોરી જઈને ગુમરાહ કરવાનું કામ કરે છે. લોકોને આર્થિક પછાત રાખવાના ષડયંત્રના ભાગરૂપે ગ્રહણ સમયે જપ-૨૫, દાન-પુણ્ય, સૂતક-બૂતક, વેધાદિ નિયમો પાળવાનું બતાવી અવળે માર્ગે વાળે છે. વાસ્તવમાં સૂતક-ગ્રહણના પાળવાના નિયમો નર્યો બકવાસ છે. ગ્રહણની રાજકીય-ભૌગોલિક અસરો લેભાગુઓના મનની ઉપજ છે. ગ્રહણના લાભાલાભ, શુભ-અશુભ, હોની-અનહોની વિગેરે દર્શાવવામાં આવે છે તે નર્યું તુત છે. વધુમાં પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર હજારો સૂર્ય-ચંદ્રગ્રહણો પસાર થઈ ગયા હવે પછી પણ પસાર થવાના છે ત્યારે ગ્રહણની અસરોની હકિકત માત્ર ને માત્ર બકવાસ વિજ્ઞાને સાબિત કરી છે. કુદરત-પ્રાકૃતિક નિયમો અનુસાર પૃથ્વી ઉપર દર મિનિટે સારી-ખરાબ, હોની-અનહોની ઘટના બનવાની જ છે. તેને કોઈ રોકી શકતું નથી. તેને પ્રાર્થના-પૂજાપાઠ, હોમ-હવન, જપ-તપ સાથે કશી જ લેવાદેવા નથી. વિજ્ઞાન આગોતરી જાણકારી આપી સાવધાન કરે છે તેને અટકાવી શકતું નથી. ટી.વી. ઉપર પળે-પળની માહિતી નજરે જોઈ શકીએ છતાં કપોળકલ્પિત જ્યોતિષ તરફ રૂચિ રાખવી તે માનવીની દરિદ્ર માનસિકતા છે. ભારતમાં સદીઓથી સંકટ, ભયાનકતા, દુઃખ ટાળવા અનુષ્ઠાન, પૂજાવિધી વિગેરે જોવા મળે છે જયારે યુરોપ ખંડમાં સંશોધનો આદરી તેમનો સામનો કરવા શીખડાવવામાં આવે છે. જાથા લોકોમાં મનોબળ દ્રઢ કરવા અનેક કાર્યક્રમો આપે છે. માનસિક નબળા લોકોને અનેક પ્રકારની અસર સાથે ક્રિયાકાંડો કરવા પડે છે તેમાં બરબાદી મળે છે તે માટે પોતે જવાબદાર છે. જાથાએ સમગ્ર ભારતમાં ગ્રહણની સમજ માટે અભિયાન આદર્યું છે.



# કેટલી અદ્ભુત ક્ષણો હોય છે એ, જ્યારે કોઈ જ અને કાંઈ જ નથી હોતું

માનવજીવનનો ઈતિહાસ ભૌતિકવાદી દોડ, અવિરત અપેક્ષાઓ અને સંબંધોના અટપટા તાણાવાણાથી ઘેરાયેલો રહ્યો છે. સવારના સૂર્યોદયથી લઈને મોડી રાત્રિના અંધકાર સુધી માણસ સતત કોઈને કોઈ વિચાર, ચહેરા કે વસ્તુ પાછળ દોડતો રહે છે. નગરો અને મહાનગરોનો કોલાહલ માત્ર રસ્તાઓ પર જ નથી, પણ માણસના અંતરાત્માની ભીતર પણ વ્યાપેલો છે. પરંતુ આ જ વ્યસ્ત અને ઘોંઘાટભર્યા જીવનની વચ્ચે ક્યારેક અચાનક એક એવી ક્ષણ આવે છે, જે બ્રહ્માંડના તમામ વૈભવ કરતાં પણ વધુ કિંમતી સાબિત થાય છે. એ ક્ષણ એટલે જ્યારે જીવનમાં 'કોઈ જ અને કાંઈ જ' નથી હોતું. સાહિત્યિક ફિલસૂફીની દ્રષ્ટિએ આ ક્ષણ એ કોઈ આંતરિક શૂન્યતા નથી, પણ પરમ શાંતિ અને આત્મસાક્ષાત્કારનો સર્વોચ્ચ દિવ્ય સમય છે. જ્યારે જીવનમાંથી 'કોઈ જ નથી હોતું' નો અર્થ એ નથી કે માણસ એકલો કે અનાથ થઈ ગયો છે; એનો સાચો મર્મ એ છે કે તે ઘડીએ હૃદય સંબંધોની ગણતરીઓ, અપેક્ષાઓ અને સામાજિક મુખોટાઓથી મુક્ત થઈ ગયું છે. એ સમયે નથી કોઈને પામવાની ઉત્કંઠા હોતી કે નથી કોઈને ગુમાવવાનો ભય હોતો. તેવી જ રીતે જ્યારે 'કાંઈ જ નથી હોતું', ત્યારે મન ભૌતિક સંપત્તિ, ધન-દોલત કે ભવિષ્યની ચિંતાઓના ભારણમાંથી મુક્ત થઈને તદ્દન હળવુંફૂલ બની જાય છે. આ એવી અદ્ભુત અને અલૌકિક અવસ્થા છે, જ્યાં માણસ અહંકાર અને ઈર્ષ્યાની સરહદો ઓળંગીને પોતાના શુદ્ધ આત્મા સાથે સંવાદ સાધે છે. પ્રકૃતિ પણ જાણે એ સમયે મૌન રહીને મનુષ્યના આ પરમ એકાંતને આદરપૂર્વક નીહાળતી હોય છે. હૃદયની આ પરમ મુક્તિ અને શાંતિને કાવ્યાત્મક શબ્દોમાં આ રીતે કંડારી શકાય:

'નથી ઝંખના કોઈ ચહેરાની, નથી મોહ કોઈ વસ્તુનો,
મૌન જ્યારે હૈયામાં ધબકે, ત્યારે અહેસાસ થાય પરમ તત્વનો.'

આજના આધુનિક અને સોશિયલ મીડિયાના યુગમાં માણસ સતત લોકોની આભાસી ભીડથી ઘેરાયેલો રહે છે. આપણે ઈન્ટરનેટના માધ્યમથી હજારો લોકો સાથે જોડાયેલા છીએ, પણ આપણા પોતાના આત્માથી ઘણા દૂર નીકળી ગયા છીએ. આ અંધાધૂંધ દોડમાં માણસ ભીતરથી શુષ્ક અને એકલવાયો થતો જાય છે. આ જ કારણે, દિવસ કે રાત્રિ દરમિયાન મળતી આવી કેટલીક પળ, જ્યાં આપણી પાસે માત્ર આપણું મૌન હોય, તે આત્મા માટે સંજીવની જડીબુટ્ટી સમાન સાબિત થાય છે. સાચું સાહિત્ય, ઊંડા વિચારો અને આધ્યાત્મિક ચેતનાનો ઉદય આવી જ પવિત્ર ક્ષણોમાં થતો હોય છે, જ્યાં જગતના તમામ બંધનો ઓગળી જાય છે અને માત્ર શુદ્ધ અસ્તિત્વ બચે છે. નિઃસ્વાર્થ શાંતિ અને સાચા આત્મિક જોડાણના આ અહેસાસને લોકહૃદય હંમેશાં આ રીતે સ્વીકારે છે:

'વૈભવ અને સભાઓથી તો માત્ર દુનિયાદારી સચવાય છે,
પણ જ્યારે કાંઈ નથી હોતું, ત્યારે જ ઈશ્વર સાથે નાતો રચાય છે.'

આ વિચાર આપણને જીવન જીવવાનો એક બહુ મોટો સંદેશ આપે છે કે માણસની સાચી કળા અને વૈભવ ભૌતિક સંગ્રહમાં નથી, પણ આંતરિક મુક્તિમાં છે.

**- રૂપેશ સોલંકી**

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો


ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા – તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ – વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર – સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન – સુંદર અને પ્રોફેશનલ લુક

### ગુજરાત પોલીસની ટેકનિકલ ભરતીની પરીક્ષા 23 ઓગસ્ટે

# 950 જગ્યાઓ માટે 25 હજાર ઉમેદવારો આપશે પરીક્ષા

**પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા ભરતી બોર્ડ દ્વારા કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, પરીક્ષા કેન્દ્રો પર 1100થી વધુ પોલીસ અધિકારી/કર્મચારીઓ અને 1400 જેટલા શિક્ષણ વિભાગના અધિકારી/કર્મચારીઓ પરીક્ષા કામગીરીમાં જોડાશે, દરેક પરીક્ષા કેન્દ્ર પર એક અધિકારીને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવશે**

ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગની ટેકનિકલ કેડરની વિવિધ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા 23 ઓગસ્ટ, 2026ના રોજ અમદાવાદ ખાતે યોજાશે. ભરતી બોર્ડની સત્તાવાર માહિતી મુજબ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની ભરતી માટે પરીક્ષા યોજાવાની છે.

ભરતી પ્રક્રિયા હેઠળ PSI (વાયરલેસ)ની 172, ટેકનિકલ ઓપરેટરની 698, PSI (મોટર ટ્રાન્સપોર્ટ)ની 35 અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની 45 જગ્યાઓ મળી કુલ 950 જગ્યાઓ માટે ભરતી ચાલી રહી છે. આ પરીક્ષા માટે આશરે 25 હજાર ઉમેદવારોએ કોલલેટર ડાઉનલોડ કર્યા છે.






ત્રણ કેટેગરીમાં અલગ સમય, 200થી 210 MCQ : 1.પરીક્ષા સંપૂર્ણપણે MCQ પદ્ધતિથી લેવામાં આવશે. 2.PSI (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર| સવારે 9:30થી બપોરે 12:30| 200 MCQ. 3. PSI (મોટર ટ્રાન્સપોર્ટ)| સવારે 9:30થી બપોરે 12:30| 210 MCQ. 4. હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)| બપોરે 3થી સાંજે 6| 210 MCQ. તમામ પરીક્ષામાં Part-A અને Part-Bમાં અલગ-અલગ ઓછામાં ઓછા 40 ટકા ગુણ મેળવવા જરૂરી રહેશે. ખોટા જવાબ માટે 0.25 ગુણની નેગેટિવ માર્કિંગ રહેશે.

પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા ભરતી બોર્ડ દ્વારા કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર 1100થી વધુ પોલીસ અધિકારી/કર્મચારીઓ અને 1400 જેટલા શિક્ષણ વિભાગના અધિકારી/કર્મચારીઓ પરીક્ષા કામગીરીમાં જોડાશે. દરેક પરીક્ષા કેન્દ્ર પર એક અધિકારીને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવશે.

પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવા માટે Facial Recognition Technology અને AIનો ઉપયોગ કરવામાં આવશે. પરીક્ષા સાહિત્ય લઈ જતાં તમામ વાહનોને GPS મારફતે ટ્રેક કરવામાં આવશે. સાથે જ રાજ્ય ભરતી કંટ્રોલ રૂમ તેમજ કન્ટ્રોલ રૂમમાંથી પરીક્ષાની કામગીરીનું મોનિટરિંગ કરવામાં આવશે. 23 ઓગસ્ટે યોજાનારી લેખિત પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે Multiple Security Layers અને વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા અમદાવાદ શહેરમાં યોજાશે. પરીક્ષાના કોલલેટર 17 ઓગસ્ટથી ડાઉનલોડ કરી શકાય તેવી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ભરતી બોર્ડે ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા તેમજ પરીક્ષા કેન્દ્ર પર નિર્ધારિત સમય પહેલાં પહોંચી જવા ખાસ સૂચના આપી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર પરીક્ષા અંગેની સૂચનાઓ ઉપલબ્ધ છે.

## છોટાઉદેપુર જિલ્લાની 7 ગાંધી કસ્તુરબા વિદ્યાલયમાં બે મહિના બાદ પણ વિદ્યાર્થિનીઓને ડ્રેસ, શુઝ નહીં

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાંચ તાલુકામાં ચાલતી ગાંધી કસ્તુરબા વિદ્યાલયમાં નવું સત્ર શરૂ થયે બે માસ વીતી જવા છતાંય જિલ્લા શિક્ષણ અધિકારીએ વિદ્યાર્થીનીઓને સ્કૂલ ડ્રેસ તેમજ સ્કૂલ શૂઝ અને અન્ય સામગ્રી આપી નથી જિલ્લા શિક્ષણ અધિકારીની બેદરકારી બહાર આવી.

છોટાઉદેપુર જિલ્લાના પાંચ તાલુકાઓમાં ગાધી કસ્તુરબા વિદ્યાલય ચાલે છે જેમાં નસવાડી તાલુકાનાના પોચંબા, કવાંટ તાલુકાના મોગરા અને ચમલવાટ, છોટાઉદેપુરના ઝોઝ અને હરપાલપુરા તથા જેતપુર પાવીના પાલીયા અને બોરધા જેમાં સાત જેટલી શાળાઓમાં વિદ્યાર્થીનીઓને રહેવા જમવાની તેમજ અન્ય સુવિધાઓ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આ તમામ શાળાઓનું સંચાલન કરવામાં આવે છે પરંતુ છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી સામે એક શિક્ષકે મોરચો માનતા જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવેલી ગેરરીતીઓ ધીમે ધીમે બહાર આવી રહી છે 1500 જેટલી વિદ્યાર્થીનીઓને નવા સત્ર અને પ્રારંભ થઈ બે માસ ઉપરાંતનો સમય વીતી જવા છતાં જિલ્લા શિક્ષણ અધિકારીએ સ્કૂલ ડ્રેસ તેમજ સ્કૂલ શુઝ અને અન્ય ચીજ વસ્તુઓ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે તે તમામ વસ્તુઓ ખરીદી કરવાની બાકી રાખતા આજદિન સુધી વિદ્યાર્થીનીઓને સ્કૂલ ડ્રેસ વિના વંચિત રાખવામાં આવ્યા છે જ્યારે




આ બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીને પૂછતાં તેઓએ જણાવ્યું કે થોડાક સમયના સ્કૂલ ડ્રેસ ખરીદી લઈશું પરંતુ નિયમો મુજબ શાળા શરૂ થાય અને નવા સત્રનો પ્રારંભ થાય જે વિદ્યાર્થીનીઓ એડમિશન લીધા હોય તેઓને તાત્કાલિક ધોરણે તમામ ચીજ વસ્તુઓ ખરીદીને પૂરી પાડવાની હોય છે ત્યારે અડધો વર્ષ વીતી જાય ત્યાં સુધી સામગ્રી આપવામાં આવતી નથી.

## જગદીશ (વિશ્વકર્મા)એ સાળંગપુર શ્રીકષ્ટભંજનદેવના દર્શન કર્યા...





**પ્રદેશ ભાજપ પ્રમુખે આગામી 2027ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થાય તેવી હનુમાનજીદાદા ને પ્રાર્થના કરી સંતોના આશીર્વાદ મેળવ્યા**

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લાના વિશ્વ પ્રસિદ્ધ સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલ(વિશ્વકર્મા)એ શ્રીકષ્ટભંજનદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખ ને કિંગ ઓફ સાળંગપુર ની હનુમાનજીદાદા ની પ્રતિમા આપી ફુલહાર પહેરાવી ભવ્ય સ્વાગત-સન્માન કર્યું હતું સાથે આગામી 2027 ની વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાય અને જંગી બહુમતીથી ભાજપ વિજેતા બને તેવી હનુમાનજીદાદા ને પ્રાર્થના કરી કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી એ પ્રદેશ ભાજપ પ્રમુખ ને રક્ષા સૂત્ર બાંધી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.સાથે બોટાદ જિલ્લા ભાજપ પ્રભારી દશરથજી ઠાકોર,બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલ(વિશ્વકર્મા)એ હનુમાનજીદાદા ના દર્શન કરી ખૂબ જ ધન્યતા અનુભવી હતી.

## આછોદ ગામે 8 ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યુ

ભરૂચ, રંગુની જાકીર

પાદરમાં વિશાળ ઈન્ડિયન રોક પાઈથન દેખાતા ગ્રામજનોમાં કુતૂહલ; વન વિભાગ અને રેસ્ક્યુ ટીમે સલામત રીતે અજગરને પકડ્યો



આમોદ તાલુકાના આછોદ ગામની પાદરમાં વિશાળકાય ઈન્ડિયન રોક પાઈથન દેખાતા ગ્રામજનોમાં ભારે કુતૂહલ ફેલાયું હતું. અજગરને જોવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો એકત્ર થઈ ગયા હતા.

માહિતી મળતાં આમોદ વન વિભાગની ટીમ સાથે રેસ્ક્યુઅર અનિલ ચાવડા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમે તકેદારીપૂર્વક કામગીરી હાથ ધરી અંદાજે 8 ફૂટ લાંબા અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું.

અજગરનું રેસ્ક્યુ થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગની દેખરેખ હેઠળ અજગરને નૈસર્ગિક અને સુરક્ષિત વાતાવરણમાં મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અજગરના રેસ્ક્યુ દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાવર ગ્રીડના વળતર મુદ્દે ખેડૂતોનો આક્રોશ, સરકાર સામે ઉઠ્યા સવાલો

**આમોદ તાલુકામાં પાવર ગ્રીડ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત ખેડૂતોનો વિરોધ ઉગ્ર; 4 જુલાઈના પરિપત્ર સામે મામલતદારને લેખિત રજૂઆત, યોગ્ય વળતર અને સુરક્ષાની માંગ**

ભરૂચ, રંગુની જાકીર

આમોદ તાલુકામાં પાવર ગ્રીડ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત ખેડૂતોનો વિરોધ હવે વધુ ઉગ્ર બન્યો છે. યોગ્ય વળતર, ખેડૂતોની સુરક્ષા અને સ્પષ્ટ નીતિ વિના પ્રોજેક્ટ આગળ વધારવાના પ્રયાસો સામે ખેડૂતો દ્વારા સરકાર સમક્ષ આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. ખેડૂતો દ્વારા આમોદ મામલતદારને લેખિત રજૂઆત કરી 4 જુલાઈ, 2026ના સરકારના પરિપત્ર સામે સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ખેડૂતોનો આક્ષેપ છે કે પરિપત્રમાં અસરગ્રસ્ત ખેડૂતોના હિતો અને ભવિષ્યની સુરક્ષાને પૂરતું મહત્વ આપવામાં આવ્યું નથી.



ખેડૂતો દ્વારા ખાસ કરીને 765 કે.વી.ની હાઈવોલ્ટેજ વીજ લાઈન અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે આવી હાઈવોલ્ટેજ લાઈનથી ખેડૂતો અને સ્થાનિક લોકોની સુરક્ષાનો મુદ્દો મહત્વનો હોવા છતાં વીમા કવચ સહિતના જરૂરી મુદ્દાઓ અંગે સ્પષ્ટતા કેમ કરવામાં આવી નથી? સાથે જ ખેડૂતોનો સવાલ છે કે 25 વર્ષ બાદ જમીન અને ખેડૂતોની સ્થિતિ શું રહેશે? લાંબા ગાળાની અસર અંગે સ્પષ્ટ જોગવાઈ કેમ કરવામાં આવી નથી? પાવર ગ્રીડ પ્રોજેક્ટના કોમર્શિયલ હેતુ સામે પણ ખેડૂતો દ્વારા ગંભીર વાંધા અને સવાલો ઉઠાવવામાં આવ્યા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ આ મુદ્દે PMO દિલ્હી, CMO ગાંધીનગર, ઉર્જા મંત્રાલય અને ભરૂચ જિલ્લા કલેક્ટર સુધી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પ્રશ્નોનું કાયમી નિરાકરણ આવ્યું નથી. જેના પગલે ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ વિરોધના ભાગરૂપે 18 ઓગસ્ટે ખેડૂતો દ્વારા ટ્રેક્ટર રેલી યોજી ભરૂચ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. હવે ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે યોગ્ય વળતર અને તમામ પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી M.R.C. બનાવવાની પ્રક્રિયા આગળ વધારવામાં ન આવે.

### 75 કિલો સ્કીમ મિલ્ક પાઉડર અને પામોલીન તેલના 14 ડબ્બા સહિતનો મુદ્દામાલ કબજે

## પોરબંદર LCBની કાર્યવાહી: ટીંબીનેશમાંથી ભેળસેળયુક્ત દૂધ બનાવતો ઈસમ ઝડપાયો

પોરબંદર (ગોસા), વિરમભાઈ કે. આગઠ

કુતિયાણા પોલીસ સ્ટેશન વિસ્તારના ટીંબીનેશ ગામમાં પોરબંદર એલ.સી.બી.એ ભેળસેળયુક્ત તથા શંકાસ્પદ દૂધ તૈયાર કરી સંગ્રહ કરતા એક ઈસમને ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી શંકાસ્પદ દૂધ સહિત દૂધમાં ભેળસેળ કરવા ઉપયોગમાં લેવાતી સામગ્રી કબજે કરી ફૂડ એન્ડ ડ્રગ્સ કાયદા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન



હેઠળ જિલ્લામાં ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું ગેરકાયદેસર ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરતા ઈસમો સામે સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત એલ.સી.બી. ટીમ દ્વારા બાતમીદારોને સક્રિય કરી ગુપ્ત માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરાને મળેલી બાતમીના આધારે ટીંબીનેશ રબારીકેડા, જય માતાજી દૂધની ડેરી પાસે રહેતા સરમણ ગોગનભાઈ કોડીયાતરના રહેણાંક મકાનમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્થળ પરથી આશરે ૩૦ લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ મળી આવ્યું હતું. તેમજ દૂધ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતા સ્કીમ મિલ્ક પાઉડરના ૨૫-૨૫ કિલોના બે ભરેલા બાચકા તથા ૨૫-૨૫ કિલોના બે અડધા ભરેલા બાચકા મળી કુલ ૭૫ કિલો મિલ્ક પાઉડર, ઉપરાંત પામોલીન તેલના ૧૪ ડબ્બા તથા દૂધમાં ભેળસેળ કરવા ઉપયોગમાં લેવાતી અન્ય શંકાસ્પદ સામગ્રી મળી આવી હતી.


પોલીસે તાત્કાલિક ફૂડ સેફ્ટી ઓફિસર વી.જે. ભાટુને જાણ કરતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા અને શંકાસ્પદ દૂધના જરૂરી નમૂનાઓ તપાસ માટે કબજે કર્યા હતા. સ્થળ પર મળી આવેલ બનાવટી દૂધનો નાશ કરવામાં આવ્યો હતો, જ્યારે અન્ય સામગ્રી કબજે કરી સરમણ ગોગનભાઈ કોડીયાતર વિરુદ્ધ ફૂડ એન્ડ ડ્રગ્સ કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### B-ગ્રેડ કેમિકલનું ડીઝલ તરીકે ગેરકાયદે વેચાણ કરતા

## છોટાઉદેપુરમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ : વેન્યુ કારમાંથી 12.99 લાખનો મુદ્દામાલ ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર પોલીસ સ્ટેશનની ટીમે પ્રોહિબિશન ડ્રાઈવ અંતર્ગત મોટી કાર્યવાહી કરી હ્યુન્ડાઈ વેન્યુ કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની કુલ 1,740 બોટલ/ટીન સહિત રૂ.12.99 લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. પોલીસે આ કેસમાં બે આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય ત્રણ શખ્સોને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, છોટાઉદેપુર પોલીસને બાતમી મળી હતી કે અંબાલા ગામ તરફથી હ્યુન્ડાઈ વેન્યુ કાર નંબર GJ-23-CJ-6222માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી છોટાઉદેપુર થઈ જેતપુર પાવી તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે રંગપુર નાકા નજીક ઓરસંગ બ્રિજ પર વોચ ગોઠવી કારને



ઝડપી પાડી હતી. કારની તપાસ દરમિયાન વિવિધ બ્રાન્ડની દારૂ અને બિયરની કુલ 1,740 બોટલ/ટીન, જેની કિંમત રૂ. 3,94,068, મળી આવી હતી. આ ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી હ્યુન્ડાઈ વેન્યુ કારની કિંમત રૂ.9 લાખ તથા મોબાઈલ ફોનની કિંમત રૂ.5,000 ગણી કુલ રૂ.12,99,068નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં પોલીસે નરેશભાઈ ઉર્ફે કટ્ટો તેરસીંગભાઈ રાઠવા (ઉંમર 18 વર્ષ) અને મુકેશભાઈ રામસીંગભાઈ રાઠવા (ઉંમર 23 વર્ષ), બંને રહે. બૈડવી નિશાળ ફળિયા, તા.જી. છોટાઉદેપુરને ઝડપી પાડ્યા છે.

પોલીસે આ મામલે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની સંબંધિત કલમો તથા BNSની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં વિશાલભાઈ, જયેશભાઈ અને સુનિલભાઈ પરમાર નામના અન્ય શખ્સોની સંડોવણી સામે આવી હોવાનું જણાવાયું છે. ત્રણેયને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## આમોદ તાલુકામાં કલેક્ટરની તલસ્પર્શી મુલાકાત, વહીવટી કામગીરીની સઘન સમીક્ષા

ભરૂચ, રંગુની જાકીર

જિલ્લા કલેક્ટરશ્રીએ આમોદ તાલુકાની મુલાકાત લઈ ગામડાથી લઈને કચેરી સ્તર સુધીની સરકારી કામગીરીની તલસ્પર્શી સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન દેણવા ગામે તલાટી દફતરની તપાસણી કરી



ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી હતી. લોકોના પ્રશ્નોનું હકારાત્મક અને સમયબદ્ધ નિરાકરણ આવે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આમોદ મામલતદાર કચેરીની મુલાકાત દરમિયાન વહીવટી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીજીની દાંડી યાત્રાની સ્મૃતિ સાથે સંકળાયેલા યાત્રી નિવાસની મુલાકાત લઈ ગાંધીજીના વિચારો અને જીવનમૂલ્યોને સ્મરણ કરવામાં આવ્યા હતા. રનાડા ગામે પણ દફતરની તપાસણી કરી સ્થાનિક પ્રશ્નો, સરકારી યોજનાઓના અમલીકરણ અને વહીવટી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

## અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓ તેજ: 1600થી વધુ પદયાત્રા સંઘોના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ

અંબાજી, અરવિંદ અગ્રવાલ

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમીયા સંઘ સેવા ટ્રસ્ટ ની બેઠક યોજાઈ આ બેઠકમાં 1600થી વધુ પદયાત્રા સંઘોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પદયાત્રિકોની સુવિધા, સેવા, સુરક્ષા અને વ્યવસ્થાને લઈ બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આગામી 20 સપ્ટેમ્બર થી 26 સપ્ટેમ્બર સુધી અંબાજી ખાતે ભાદરવી પૂનમ ના મહામેળો યોજાનાર છે જેના લાખોની સંખ્યામાં યાત્રિકો મા અંબા ના દર્શન કરવા માટે પગપાળા સંઘમાં આવતા હોય છે. આ યાત્રિકોને સુવિધા માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે અને મેળામાં યાત્રિકોને તમામ સુવિધાઓ સલામતી અને સરળતા થી દર્શન થાય તેમ જ યાત્રિકો સુખ રૂપે દર્શન કરીને પહોંચે તે માટે જિલ્લાના વહીવટી તંત્ર પોલીસ તંત્ર તેમજ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા દરેક પ્રકારની સુવિધાઓ માટે પૂરતી તૈયારીઓ કરવામાં આવી રહી છે આ બેઠકમાં પદયાત્રીઓ, સંઘો ને પડતી મુશ્કેલીઓ અને અસુવિધાઓ ના નિરાકરણ માટે ચર્ચા કરવામાં આવી હતી.

વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતી વ્યવસ્થાઓ અને યાત્રીઓની સુવિધાઓ માટેની વિસ્તૃત જાણકારી તંત્ર દ્વારા પદયાત્રી સંઘો ને આપવામાં આવી હતી અને સંઘો ને કેટલીક સૂચનાઓનું પાલન કરવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તંત્ર દ્વારા સફાઈ,સલામતી તેમજ શાંતિપૂર્ણ દર્શન પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો.

તો પદયાત્રી સંઘ ટ્રસ્ટ દ્વારા પણ કેટલીક સૂચનાઓ અને પ્રશ્નો અંગે તંત્રને ધ્યાન દોરવામાં આવ્યું હતું.





### 'ઢાઈ કિલો કા હાથ' ડાયલોગને રક્ષાબંધનના હિસાબથી એક જોરદાર ટ્વીસ્ટ આપ્યો

# સની દેઓલના 'ઢાઈ કિલો કા હાથ' ડાયલોગને ઈશાએ આપ્યો મજેદાર ટ્વીસ્ટ

મુંબઈ

જાણીતી અભિનેત્રી કમ રાજકારણી હેમા માલિનીની દીકરી અભિનેત્રી ઈશા દેઓલે આ વર્ષે સની દેઓલ માટે રક્ષાબંધનને ખાસ બનાવવા માટે એક મજેદાર રીત શોધી લીધી હતી. તેણે સની દેઓલની ફિલ્મ 'દામિની'ના હીટ ડાયલોગ્સ 'ઢાઈ કિલો કા હાથ'ને એક મજેદાર ટ્વીસ્ટ આપ્યો જેને જોઈને ચાહકો પણ ખુશ થઈ ગયા હતા. ઈશા એક ડિલિવરી એપની જાહેરાતમાં જોવા મળી હતી, જેમાં તેણે 'ઢાઈ કિલો કા હાથ' ડાયલોગને રક્ષાબંધનના હિસાબથી એક જોરદાર ટ્વીસ્ટ આપ્યો જેને જોઈ ફેન્સ પણ ખુશ થયા હતા. આ વીડિયોએ સની દેઓલના ચાહકો માટે જૂની યાદો તાજી કરી હતી. ઈશા દેઓલ કહે છે કે 'જ્યારે ભાઈનો ઢાઈ કિલો કા હાથ ઉપડે છે તો તમે બધા ઉપડી જાય છો તાળીઓ વગાડવા માટે. પરંતુ આ હાથ એટલો મહાન કેમ છે? તે અમને પ્રોફેસર કહેશે. ત્યાર બાદ જાહેરાતમાં 'ઢાઈ કિલો કા હાથ' સાથે પ્રયોગ કરીને એક જોરદાર ટ્વીસ્ટ આપીને બતાવવામાં આવે છે, જે અત્યંત રસપ્રદ છે. વીડિયોમાં ઈશા દેઓલ ભાઈ સની દેઓલ માટે એક અઢી કિલોની રાખડી મંગાવે છે, જેને તે ખુશી સાથે બતાવી રહી છે. આ વીડિયો એક ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો હતો, જેમાં ચાહકોની ઘણી પ્રતિક્રિયા આવી રહી છે. એકે લખ્યું 'આજ સુધીનો બેસ્ટ વીડિયો.' અન્ય એક કમેન્ટમાં 'ખૂબ જ સુંદર જાહેરાત છે,' એકે લખ્યું હતું કે 'ભાઈ અને બહેનનું પ્રેમાળ બોન્ડિંગ.' અન્ય એક કમેન્ટમાં લખ્યું હતું, 'સની પાજીનો ઢાઈ કિલો કો હાથ અને ઈશાની ઢાઈ કિલોની રાખડી, વારસો આને જ કહેવાય.' ઈશા દેઓલ સની દેઓલની સાવકી બહેન છે પણ તે હંમેશાં એકબીજાને સાથ આપે છે. હાલમાં જ ઈશાએ ભાઈની ફિલ્મ 'બટવારા 1947'ના વખાણ કર્યા હતા. આ પહેલા પણ સની દેઓલની ફિલ્મોને સપોર્ટ કરતી અને તેની સ્ક્રિનિંગમાં પણ જોવા મળી હતી. તેણે 'બોર્ડર 2'ની સ્ક્રીનિંગ પણ રાખી હતી.

બાળપણથી જ ભાઈઓ સાથે મજબૂત સબંધ.ઈશા દેઓલે ઘણીવાર કહ્યું કે તેનો સની અને બોબી બંને ભાઈઓ સાથે મજબૂત સબંધ છે અને તે બંનેને બાળપણથી જ રાખડી બાંધે છે. ઈશાએ કહ્યું હતું કે લોકો તેમના સબંધો વિશે જાણવા માંગે છે.

**ઈશા દેઓલે ઘણીવાર કહ્યું કે તેનો સની અને બોબી બંને ભાઈઓ સાથે મજબૂત સબંધ છે અને તે બંનેને બાળપણથી જ રાખડી બાંધે છે**

# કંગના રાનૌત શર્મિલા ટાગોર પર ગુસ્સે થઈ

### કંગનાએ કહ્યું કે એક કલાકાર તરીકે શર્મિલા ટાગોરના આવા વિચારો જોઈને તેમને આશ્ચર્ય થયું છે

મુંબઈ

દેશના રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ને લઈને બોલિવૂડની બે જાણીતી અભિનેત્રીઓ વચ્ચે વૈચારિક મતભેદ સામે આવ્યો છે. દિગ્ગજ અભિનેત્રી શર્મિલા ટાગોરે 'વંદે માતરમ્'ના કેટલાક પદોમાં આવતા ધાર્મિક સંદર્ભોને લઈને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યા બાદ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતે તેમની ટીકા કરી છે. કંગનાએ શર્મિલા ટાગોરના વિચારોને સીમિત ગણાવતા લોકોને 'હિન્દુ-મુસ્લિમ માનસિકતા'થી ઉપર ઊઠીને ગીતને દેશભક્તિ અને સ્વતંત્રતા સંગ્રામના પ્રતીક તરીકે જોવાની અપીલ કરી છે. શર્મિલા ટાગોરે શું કહ્યું? શર્મિલા ટાગોરે એક ઈન્ટરવ્યૂમાં 'વંદે માતરમ્' અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું હતું કે ભારતમાં અલગ-અલગ ધર્મ અને માન્યતાઓ ધરાવતા લોકો રહે છે. તેમના મતે એકેશ્વરવાદમાં માનતા કેટલાક સમુદાયો માટે ગીતના એવા પદો સ્વીકારવા મુશ્કેલ થઈ શકે છે જેમાં હિન્દુ દેવીઓનો ઉલ્લેખ થાય છે. તેમણે જણાવ્યું કે દેશના તમામ સમુદાયોને સાથે લઈને ચાલવાના દૃષ્ટિકોણથી 'વંદે માતરમ્'ના શરૂઆતના બે પદ યોગ્ય અને સર્વસમાવેશક છે. શર્મિલા ટાગોરે ખાસ કરીને કાલી અને દુર્ગા જેવા ધાર્મિક સંદર્ભોનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે એક ઈશ્વરમાં માનતા લોકો માટે આવા શબ્દો ઉચ્ચારવામાં ધાર્મિક સંકોચ હોઈ શકે છે. શર્મિલા ટાગોરના નિવેદન બાદ ભાજપ સાંસદ કંગના રનૌતે સોશિયલ મીડિયા દ્વારા પ્રતિક્રિયા આપી હતી. કંગનાએ કહ્યું કે એક કલાકાર તરીકે શર્મિલા ટાગોરના આવા વિચારો જોઈને તેમને આશ્ચર્ય થયું છે. કંગનાના મતે કવિતા અને ગીતોમાં ઉપયોગમાં લેવાતા શબ્દોને ઘણી વખત શાબ્દિક અર્થમાં નહીં પરંતુ રૂપક અને પ્રતીક તરીકે સમજવા જોઈએ.



# સોશિયલ મીડિયા પર અપશબ્દો બોલનારાઓ સામે ભડકી શ્વેતા તિવારી

### ઈન્સ્ટાગ્રામ પર પોતાની સુંદર તસવીરો પોસ્ટ કરતા અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું, તે ચુપચાપ એ બની રહી છે જેની તેને ઈચ્છા હતી

મુંબઈ

હંમેશા પોતાના લૂક્સ અને ફિટનેસને કારણે ચર્ચામાં રહેતી જાણીતી ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારી આ વખતે સોશિયલ મીડિયા પર મળેલા અભદ્ર અને અપમાનજનક મેસેજિસને લઈને ચર્ચામાં આવી છે. તાજેતરમાં ઓનલાઈન ઓર્ડર કરેલા સામાનમાં કોક્રોચ મળતાં શ્વેતાએ એફડીએના વડા તુકારામ મુંડેને ટેગ કરીને કડક કાર્યવાહીની માંગ કરી હતી. જોકે, આ ફરિયાદ બાદ કેટલાક કથિત રાજ ઠાકરે સમર્થકો અને ટ્રોલર્સે ઈન્સ્ટાગ્રામ પર શ્વેતા તિવારીને ગંદી ગાળો અને અપમાનજનક મેસેજ મોકલવાનું શરૂ કર્યું હતું. એક્ટ્રેસે આ બાબતે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મનસે અધ્યક્ષ રાજ ઠાકરેને સવાલો કર્યા છે. આ સમગ્ર મામલે ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીએ ચૂપ રહેવાને બદલે આવા યુઝર્સના પ્રોફાઈલ અને મેસેજના સ્ક્રીનશોટ્સ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરી રોષ વ્યક્ત કર્યો છે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે સામે પણ સીધો સવાલ ઉઠાવ્યો છે. શ્વેતા તિવારીએ પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર લાંબીલચક પોસ્ટ શેર કરતાં લખ્યું હતું કે સોશિયલ મીડિયા પર મહિલાઓને ગાળો આપવી એ અત્યંત ચિંતાજનક અને દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. ચોંકાવનારી વાત એ છે કે આવું કરનારા લોકો અભણ નથી હોતા પરંતુ શિક્ષિત અને સારા પરિવારમાંથી આવે છે. તેમના પોતાના ઘરમાં પણ પત્ની, માતા, બહેન અને દીકરીઓ હોય છે, છતાં તેઓ અન્ય મહિલાઓ માટે અત્યંત હલકી ભાષા વાપરતાં અચકાતા નથી. આવા લોકો બીજી મહિલાઓ સાથે ગેરવર્તન કર્યા પછી પોતાના પરિવાર સામે કેવી રીતે જતાં હશે? ટીવી એક્ટ્રેસ જણાવ્યું કે ટ્રોલ કરનારાઓમાંથી એક વ્યક્તિ પોતાની જાતને રાજ ઠાકરે અને તેમની પાર્ટીનો સમર્થક ગણાવી રહી છે. આ અંગે શ્વેતાએ રાજ ઠાકરેને ટેગ કરતાં લખ્યું હતું કે શ્વેતાએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે મેં મારું આખું જીવન મહારાષ્ટ્રમાં વિતાવ્યું છે. મારા પિતા પણ મુંબઈમાં જ ઉછર્યા છે. મેં હંમેશાં મરાઠી સંસ્કૃતિમાં સ્ત્રીઓ અને તેમના સન્માન પ્રત્યેનો આદર જોયો છે.





# 'હું સૌથી વધુ ટ્રોલ થનારી વ્યક્તિ છું', રિયા ચક્રવર્તીનું દુઃખ છલકાયું

### તેણે એવો પણ દાવો કર્યો કે લોકો તેના પર શંકા કરી રહ્યા છે, જેના કારણે વાસ્તવિક 'ટ્રેટર'ને ફાયદો થઈ શકે છે

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી રિયા ચક્રવર્તી હાલમાં રિયાલિટી શો The Traitors 2માં જોવા મળી રહી છે. શોના એક એપિસોડ દરમિયાન રિયાએ પોતાના જીવનના મુશ્કેલ સમય વિશે ખુલ્લેઆમ વાત કરી અને લાંબા સમયથી ચાલતા ટ્રોલિંગ તથા લોકોના સંદેહ અંગે પોતાનું દર્દ વ્યક્ત કર્યું. રિયાએ જણાવ્યું કે દુનિયા તેને પહેલેથી જ 'ગદ્દાર' તરીકે જોઈ ચૂકી છે, તેથી તે શોમાં પણ 'ટ્રેટર'ની ભૂમિકા સ્વીકારવા માંગતી નથી.

શોના પાંચમા એપિસોડ દરમિયાન શ્વેતા તિવારીએ રિયાને પૂછ્યું કે તે શોમાં 'ટ્રેટર' કેમ બનવા માંગતી નથી. તેના જવાબમાં રિયાએ પોતાના અંગત અનુભવનો ઉલ્લેખ કર્યો. રિયાએ કહ્યું કે તેની જિંદગીની સફરને કારણે તે 'ટ્રેટર' બનવા માંગતી નથી.

તેણે એવી ચિંતા પણ વ્યક્ત કરી કે જો તે શોમાં કોઈને 'મર્ડર' કરશે તો લોકો ફરી તેના પર મીમ્સ બનાવીને તેને ટ્રોલ કરી શકે છે. રિયાએ આગળ કહ્યું કે તે દેશની સૌથી વધુ ટ્રોલ થનારી વ્યક્તિઓમાં રહી છે. તેણે એવો પણ દાવો કર્યો કે લોકો તેના પર શંકા કરી રહ્યા છે, જેના કારણે વાસ્તવિક 'ટ્રેટર'ને ફાયદો થઈ શકે છે.

અભિનેત્રીએ પોતાની છબી અંગે વાત કરતાં કહ્યું કે તે ભીડની પાછળ ચાલતી નથી અને તેને સરળતાથી ગેરમાર્ગે દોરી શકાય નહીં. તેણે પોતાની વ્યક્તિગત ક્ષમતાઓ અને લોકો પર પ્રભાવ પાડવાની શક્તિ અંગે પણ વાત કરી. શોમાં રિયા એલિમિનેશનથી બચી આ એપિસોડમાં રિયા ચક્રવર્તી શોમાંથી બહાર થવાથી બચી ગઈ, જ્યારે પારુલ ગુલાટીનું એલિમિનેશન થયું.

શોમાં હાલમાં કુલ્લુ, ક્રિસ્ટલ ડિસોઝા અને શહનીલ ગિલ ટ્રેટરની ભૂમિકામાં હોવાનું જણાવાયું છે.

અગાઉ હરમન સિંઘા પણ ટ્રેટર હતા, પરંતુ ત્રીજા એપિસોડમાં જ તેમની ઓળખ થઈ ગઈ હતી.

# ગુજરાતી સિનેમા "ડમરુ" ની આગામી રિલીઝ સાથે સિનેમેટિક મનોરંજન આપવા તૈયાર, 23 ઓક્ટોબરે ફિલ્મ થશે રિલીઝ

એસ.કુમાર | અમદાવાદ

ગુજરાતી સિનેમા ૨૩ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ થીયેટરમાં રિલીઝ થઈ રહેલી ફિલ્મ "ડમરુ" સાથે એક તાજગીસભર પારિવારિક મનોરંજક ફિલ્મ રજૂ કરવા માટે તૈયાર છે. કૉમેડી, સસ્પેન્સ, ભાવનાત્મક ઊંડાણ અને એક અર્થપૂર્ણ સામાજિક સંદેશનું મિશ્રણ ધરાવતી આ ફિલ્મ નાનાં બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધી, તમામ પેઢીના દર્શકોને પસંદ પડે તેવી મનોરંજક રોલર-કોસ્ટર રાઈડનો અનુભવ આપવાનું વચન આપે છે. ગુજોત્સવ પ્રોડક્શન અને વ્રજ ફિલ્મ્સના બેનર હેઠળ રમેશ પ્રજાપતિ, કૃપા સોની અને સંજય સોની દ્વારા નિર્મિત, 'ડમરુ' ફિલ્મનું નિર્દેશન હાર્દિક જે. પરીખ દ્વારા કરવામાં આવ્યું છે અને તેની વાર્તા ઋષિકેશ ઠક્કર તથા નીરવ જોશી દ્વારા લખવામાં આવી છે. આ ફિલ્મમાં સંજય ગોરડિયા, નક્ષરાજ, નીરવ મુકેશ વૈદ્ય, નિરાલી ઓઝા, સૌરભ રાજ્યગુરુ, મૌલિક ચૌહાણ, હેમાંગ દવે, સંજય ગલસર, ભાર્ગવ પરમાર, મકરંદ શુક્લા, વિશાલ વૈશ્ય, નિશ્ચય રાણા, નિશિતકુમાર બ્રહ્મભટ્ટ, અન્નપૂર્ણા શુક્લા, આરતી સોની અને સતીશ ભટ્ટ જેવા પ્રતિભાશાળી કલાકારોનો સમાવેશ થાય છે. ફિલ્મને વધુ ભવ્ય બનાવવા માટે, તેનું પ્રમોશનલ સોંગ પ્રખ્યાત મ્યુઝિક ડિરેક્ટરપાર્થ ભરત ઠક્કર દ્વારા કંપોઝ કરવામાં આવ્યું છે અને તેને લોકપ્રિય ગાયક ભૂમિ ત્રિવેદી તથા જયસિંહ ગઢવીએ પોતાનો અવાજ આપ્યો છે. પ્રિન્સ ગુપ્તા દ્વારા નિર્દેશિત અને કોરિયોગ્રાફ કરાયેલા આ ગીતમાં સૂરજ કુરાડેનું સિનેમેટોગ્રાફી છે, જે દર્શકોને હાઈ-એનર્જી વિઝ્યુઅલ અનુભવ પૂરો પાડશે. ફિલ્મની મુખ્ય સિનેમેટોગ્રાફી ધ્રુવ પંચાલ દ્વારા કરવામાં આવી છે, જ્યારે ઓરિજિનલ સાઉન્ડટ્રેક અને બેકગ્રાઉન્ડ સ્કોર ટ્રીહાઉસ સ્ટુડિયોના દર્શન શાહ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.



## પાકિસ્તાન સામે રેકોર્ડ બનાવ્યો, ઇંગ્લેન્ડે લીડ્સ ટેસ્ટમાં 195 રનની લીડ લીધી

# તેંડુલકરની બરાબરી પર પહોંચ્યા રૂટ, 68મી ટેસ્ટ ફિફ્ટી ફટકારી

લંડન

ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટે સચિન તેંડુલકરના ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ ફિફ્ટીના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. 35 વર્ષીય રૂટે પાકિસ્તાન સામે લીડ્સમાં ચાલી રહેલી પ્રથમ ટેસ્ટના બીજા દિવસે 66 રનની ઈનિંગ રમી. તેણે 68મી ટેસ્ટ ફિફ્ટી ફટકારી. સૌથી વધુ ટેસ્ટ ફિફ્ટીના મામલે રૂટ અને સચિન પછી વેસ્ટ ઈન્ડિઝના શિવનારાયણ ચંદ્રપોલનું નામ આવે છે. તેના નામે 66 ટેસ્ટ ફિફ્ટી છે. રાહુલ દ્રવિડ અને ઓસ્ટ્રેલિયાના એલન બોર્ડર 63-63 ફિફ્ટી સાથે સંયુક્ત ચોથા સ્થાને છે. રૂટ ટેસ્ટમાં કેપ્ટન તરીકે સૌથી વધુ 50 પ્લસ સ્કોર બનાવનારાઓની યાદીમાં પણ પાંચમા સ્થાને પહોંચી ગયો છે.



પૂર્વ સાઉથ આફ્રિકી કેપ્ટન ગ્રીમ સ્મિથ 61 સ્કોર સાથે ટોપ પર છે. રિકી પોન્ટિંગ 54 સ્કોર સાથે બીજા, બોર્ડર 51 સાથે ત્રીજા અને પાકિસ્તાનના મિસ્બાહ-ઉલ-હક 43 સ્કોર સાથે ચોથા સ્થાને છે. સ્ટોક્સના સંન્યાસ પછી રૂટ ફરી કેપ્ટન બન્યો બેન સ્ટોક્સના સંન્યાસ પછી જો રૂટ ઈંગ્લેન્ડના કેપ્ટન તરીકે પાછો ફર્યો છે. રૂટ પહેલીવાર ફેબ્રુઆરી 2017માં ઈંગ્લેન્ડનો ટેસ્ટ કેપ્ટન બન્યો હતો. એલિસ્ટર કૂકના રાજીનામા પછી તેઓ ઈંગ્લેન્ડના 80મા કેપ્ટન બન્યો હતો. એપ્રિલ 2022માં તેમણે કેપ્ટનશિપ છોડી દીધી હતી. તે પછી બેન સ્ટોક્સને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. બેન સ્ટોક્સે જુલાઈ 2026માં નિવૃત્તિ લીધી હતી. ટેસ્ટમાં સચિનના સૌથી વધુ સદી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ સદીનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામે છે. તેમણે 51 સદી ફટકારી છે. સાઉથ આફ્રિકાના પૂર્વ કેપ્ટન જેક કાલિસ 45 સદી સાથે બીજા અને ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ 41 સદી સાથે ત્રીજા સ્થાને છે. ઈંગ્લેન્ડે પાકિસ્તાન પર લીડ મેળવી ઈંગ્લેન્ડે બીજા દિવસે સ્ટમ્પ્સ સુધી 8 વિકેટે 366 રન બનાવ્યા છે.

## ભારત-અફઘાનિસ્તાન T20 સિરીઝની તારીખો બદલાઈ શકે

કાબુલ

અફઘાનિસ્તાન અને ભારત વચ્ચે આવતા મહિને યોજાનારી ત્રણ મેચની T20 ઈન્ટરનેશનલ સિરીઝની તારીખો બદલાઈ શકે છે.

આ મામલે અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ (ACB) અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) વચ્ચે વાતચીત ચાલી રહી છે. જોકે, હજુ સુધી શેડ્યૂલ બદલવા અંગે કોઈ ઔપચારિક નિર્ણય લેવાયો નથી. પહેલા આ મેચો 13, 15 અને 17 સપ્ટેમ્બરે યોજાવાની હતી. હવે BCCIને તેમને 11, 13 અને 14 સપ્ટેમ્બરે યોજવાનો પ્રસ્તાવ મળ્યો છે. તમામ મેચ નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં યોજાવાની છે. ACBએ BCCI સમક્ષ આ પ્રસ્તાવ તેના હિતધારકોના કહેવા પર મૂક્યો છે. તેનું કહેવું છે કે બદલાયેલી તારીખો પર મેચ યોજવાથી દર્શકોની સંખ્યા અને સ્ટેડિયમમાં આવનારા લોકોની સંખ્યા વધશે. પહેલીવાર અફઘાનિસ્તાન ભારત સામે બાઈલેટર સિરીઝની યજમાની કરશે, જોકે તમામ મેચ ભારતમાં જ રમાશે. બાંગ્લાદેશનો પ્રવાસ ટળી શકે છે, BCCIના પ્રસ્તાવ સ્વીકારવાની અપેક્ષા અફઘાન બોર્ડના અધિકારીઓને આશા છે કે BCCI આ પ્રસ્તાવ સ્વીકારી શકે છે. કારણ કે, ટીમ ઈન્ડિયાની બાંગ્લાદેશ સામે સિરીઝ યોજાવાની શક્યતા લગભગ સમાપ્ત માનવામાં આવી રહી છે. શ્રીલંકા સામેની ટેસ્ટ સિરીઝ 27 ઑગસ્ટે સમાપ્ત થશે.

**ત્રિસા અને ગાયત્રી બેડમિન્ટન ચેમ્પિયનશીપ સેમિફાઈનલમાં**

## 15 વર્ષ પછી વુમન્સ ડબલ્સમાં ભારતનો મેડલ પાક્કો

નવી દિલ્હી

બેડમિન્ટન વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદે ઈતિહાસ રચ્યો. ભારતીય જોડીએ શુક્રવારે વુમન્સ ડબલ્સની સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. ત્રિસા અને ગાયત્રીએ ક્વાર્ટર ફાઈનલમાં વર્લ્ડ નંબર-4 ચીનની જિયા યી ફાન અને ઝાંગ શુ શિયાનને 16-21, 21-15, 21-13થી હરાવ્યા. આ સાથે જ ભારતનો ટુર્નામેન્ટની આ આવૃત્તિમાં એક મેડલ પાક્કો થઈ ગયો છે. ભારતને વુમન્સ ડબલ્સમાં વર્લ્ડ ચેમ્પિયનશીપ મેડલ માટે 15 વર્ષ રાહ જોવી પડી. આ પહેલા 2011માં જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની જોડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પહેલા ગેમમાં પાછળ રહી, પછી શાનદાર કમબેક કર્યું ચીનની જોડીએ મેચની શરૂઆત ઝડપી કરી અને ભારતીય જોડીને 4-0થી પાછળ કરી દીધી. ત્રિસા અને ગાયત્રીએ કમબેક કરતા અંતર ઘટાડ્યું, પરંતુ જિયા અને ઝાંગે દબાણ જાળવી રાખ્યું અને પહેલી ગેમ 21-16થી જીતી લીધી. બીજી ગેમમાં ભારતીય જોડીએ પોતાની રમત સંપૂર્ણપણે બદલી નાખી.

સારા ડિફેન્સ, ઝડપી સ્મેશ અને નેટ પર આક્રમક રમતની મદદથી તેમણે મુકાબલા પર પકડ બનાવી. બંને જોડીઓ વચ્ચે સખત મુકાબલો થયો, પરંતુ ત્રિસા-ગાયત્રીએ 21-15થી ગેમ જીતીને સ્કોર 1-1 કરી દીધો. ત્રીજી ગેમમાં પણ ચીને શરૂઆતમાં લીડ બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભારતીય જોડીએ જલ્દી જ લય મેળવી લીધી. બ્રેક સુધી ત્રિસા-ગાયત્રી 11-5થી આગળ હતી. ત્યારબાદ તેમણે સતત દબાણ જાળવી રાખ્યું અને 21-13થી ગેમ જીતીને મુકાબલો પોતાના નામે કરી લીધો. આ જીત એટલા માટે પણ ખાસ રહી કારણ કે ત્રિસા અને ગાયત્રી આ પહેલા જિયા યી ફાન અને ઝાંગ શુ શિયાન સામે ત્રણેય મેચ હારી ચૂકી હતી.

# શુભમન ગિલે ડાબા હાથના સ્પિનરો સામે પ્રેક્ટિસ કરી

### પહેલી ટેસ્ટમાં પ્રભાત જયસૂર્યાએ બે વાર આઉટ કર્યો; બીજી ટેસ્ટ 23 ઑગસ્ટથી શરૂ થશે

મુંબઈ

શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ પહેલાં ભારતીય કેપ્ટન શુભમન ગિલે શુક્રવારે ડાબા હાથના સ્પિનરો સામે પ્રેક્ટિસ કરી. કોલંબોના સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબમાં ગિલે માનવ સુથાર, રવીન્દ્ર જાડેજા અને શ્રીલંકાના બે સ્થાનિક બોલરોનો સામનો કર્યો. ગિલ પ્રથમ ટેસ્ટમાં ડાબા હાથના સ્પિનર પ્રભાત જયસૂર્યા સામે બંને ઈનિંગ્સમાં આઉટ થયો હતો. તેણે પ્રથમ ઈનિંગ્સમાં 16 અને બીજી ઈનિંગ્સમાં 8 રન બનાવ્યા હતા. જોકે, ભારતે ગૉલમાં રમાયેલી મેચ 165 રનથી જીતીને સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી છે. બીજી ટેસ્ટ 23 ઑગસ્ટથી કોલંબોમાં રમાશે. 42 ટેસ્ટમાં ડાબા હાથના સ્પિનરોએ ગિલને 11 વખત આઉટ કર્યો ટેસ્ટ ક્રિકેટમાં ડાબા હાથના સ્પિનરો સામે ગિલનો રેકોર્ડ તેના માટે ચિંતાનો વિષય રહ્યો છે. 42 ટેસ્ટ મેચમાં તે આવા બોલરો સામે 11 વખત આઉટ થઈ ચૂક્યો છે. ભારતના સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેએ કહ્યું કે ગિલ કોલંબોની પરિસ્થિતિઓને સમજવા અને તે મુજબ પોતાના શોટ્સ અને ડિફેન્સને ઢાળવા પર કામ કરી રહ્યા છે. ગિલનો રેકોર્ડ ઓફ સ્પિન અને લેગ સ્પિન સામે પ્રમાણમાં સારો છે. આ બંને પ્રકારની સ્પિન બોલિંગ સામે તેની સંયુક્ત બેટિંગ સરેરાશ 61 છે. તમામ પ્રકારના સ્પિનરો સામે તેની કારકિર્દીની સરેરાશ લગભગ 48 છે. કુલદીપે બોલિંગ કરી ન હતી સ્પિનર કુલદીપ યાદવ પણ પ્રેક્ટિસ સેશનમાં પહોંચ્યો હતો, પરંતુ તેણે ન તો બોલિંગ કરી કે ન તો બેટિંગ કરી. ઓફ સ્પિનર સારાંશ જૈને શુભમન ગિલ અને રિષભ પંતને કેટલાક ઓવર બોલિંગ કરી. તેણે પંતને બે વખત પરેશાન પણ કર્યો. પહેલી ટેસ્ટમાં કુલદીપ યાદવ વધુ પ્રભાવ છોડી શક્યો નહોતો. તેણે 25 ઓવરમાં 103 રન આપીને એક વિકેટ લીધી હતી. તેની એકમાત્ર વિકેટ પણ શુભમન ગિલના શાનદાર કેચની મદદથી આવી હતી. રાહુલ પ્રેક્ટિસથી દૂર, જુરેલ મોડો પહોંચ્યો ભારતના વાઈસ-કેપ્ટન અને ઓપનર કેએલ રાહુલ શુક્રવારના નેટ્સમાં સામેલ થયો નહોતો. જ્યારે મિડલ ઓર્ડર બેટર ધ્રુવ જુરેલ પ્રેક્ટિસ સેશનમાં થોડો મોડો પહોંચ્યો. બંનેએ ગૉલ ટેસ્ટમાં સારી બેટિંગ કરી હતી અને અડધી સદી ફટકારી હતી. કોલંબોના સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબમાં આ સિરીઝની ટેસ્ટ રમાશે. પીચ શરૂઆતમાં બેટિંગ માટે સારી રહી શકે છે.





### કંપનીએ કહ્યું- માત્ર સિસ્ટમના પરફોર્મન્સ ટ્રેક કરી રહ્યા છીએ

# TCS પર કર્મચારી મોનિટરિંગનો આરોપ

મુંબઈ

કર્મચારીઓના મોનિટરિંગને લઈને દેશની સૌથી મોટી IT કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS) વિવાદોમાં આવી ગઈ છે. રિપોર્ટ અનુસાર, કંપની તેના કર્મચારીઓના લેપટોપ અને વર્કસ્ટેશન પર મોનિટરિંગ ટૂલ્સનો ઉપયોગ કરી રહી છે. જોકે, TCSનું કહેવું છે કે આ ટૂલ્સનો હેતુ કોઈ કર્મચારીની વ્યક્તિગત ગતિવિધિઓ પર નજર રાખવાનો નથી, પરંતુ સમગ્ર નેટવર્કની ઓવરઓલ પરફોર્મન્સ અને સિસ્ટમ સિક્યોરિટીને સુધારવાનો છે. વિવાદનું મુખ્ય કારણ: વ્યક્તિગત પ્રવૃત્તિઓનું ટ્રેકિંગ વિવાદ ત્યારે શરૂ થાય છે જ્યારે આ




ટૂલ્સ સિસ્ટમ-લેવલની માહિતીથી આગળ વધીને કોઈ કર્મચારીના અંગત કામ અને પ્રવૃત્તિઓનો વિગતવાર રેકોર્ડ રાખવાનું શરૂ કરે છે. મની કંટ્રોલના એક રિપોર્ટમાં દાવો કર્યો હતો કે TCSના ટૂલ્સને એપ્લિકેશન-લેવલ સુધીની વિઝિબિલિટી પ્રાપ્ત છે. જ્યારે બીજી તરફ TCSએ તેના સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે તેમની દેખરેખ માત્ર મેક્રો-લેવલ પર નેટવર્ક પર્ફોર્મન્સ સુધી જ મર્યાદિત છે અને તેઓ વ્યક્તિગત કર્મચારીની પ્રવૃત્તિઓને ટ્રેક કરતા નથી. કાર્યસ્થળ પર કર્મચારીઓની દેખરેખ એટલે કે વર્કપ્લેસ મોનિટરિંગનો આ મુદ્દો ફક્ત TCS પૂરતો મર્યાદિત નથી. ગ્લોબલ ટેક ઈન્ડસ્ટ્રીમાં પહેલા પણ આવા કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. દિગ્ગજ ટેક કંપની મેટાને પણ તેના એક AI-સંબંધિત પ્રોજેક્ટ દરમિયાન ટીકાનો સામનો કરવો પડ્યો હતો. મેટાએ એક એવી સિસ્ટમ રજૂ કરી હતી જે કર્મચારીઓના કી-સ્ટ્રોક્સ અને માઉસ એક્ટિવિટીનો ડેટા એકત્રિત કરી શકતી હતી.

### કંપની પર ₹28 લાખ કરોડનું દેવું હતું

# દુનિયાની સૌથી મોટી રિયલ એસ્ટેટ કંપની નાદાર:ચીની સ્થાપકને આજીવન કેદ

મુંબઈ

2017માં દુનિયાની સૌથી મૂલ્યવાન રિયલ એસ્ટેટ કંપની બનેલી ચીનની એવરગ્રાન્ડને કોર્ટે શુક્રવારે દિવાળિયું જાહેર કરી દીધું છે. આ પહેલા ગુરુવારે છેતરપિંડીના કેસમાં કંપનીના ફાઉન્ડર હુઈ કા યાનને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી હતી. કંપની પર લગભગ 28 લાખ કરોડનું દેવું હતું. ગરીબ ઘરનો છોકરો બન્યો દેશનો સૌથી અમીર વ્યક્તિ એવરગ્રાન્ડના સ્થાપક હુઈ કા યાનની વાર્તા એક ગરીબ ગામડાના છોકરાની છે જે શહેરી સપનાનો સોદાગર બનીને ચીનનો સૌથી ધનિક માણસ બન્યો. તેણે 'એવરગ્રાન્ડ' નામનું એક વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું, જે ગગનચુંબી ઈમારતો



બનાવતું હતું, ફૂટબોલ ક્લબ ખરીદતું હતું. મોડેલ સરળ હતું - જમીન ખરીદો, પાયો નાખતા પહેલા જ કાગળો પર આખા ફ્લેટ વેચી દો અને ગ્રાહકો પાસેથી મળેલા તે એડવાન્સ પૈસાથી આગલો પ્રોજેક્ટ શરૂ કરી દો. પરંતુ તાશના પત્તાથી બનેલા આ મહેલનો પાયો બેફામ દેવા પર ટકેલો હતો. જ્યારે સરકારે દેવાના નળ બંધ કર્યા, ત્યારે સામ્રાજ્ય ધડામ દઈને તૂટી પડ્યું. 280 શહેરોમાં ફેલાયેલા 1,300 અધૂરા પ્રોજેક્ટ્સ અને 300 અબજ ડોલર એટલે કે લગભગ 28 લાખ કરોડના દેવાનો પહાડ છોડીને એવરગ્રાન્ડ આખરે ઈતિહાસના પાનામાં દફન થઈ ગયું. સ્થાપક હુઈ કા યાનને અદાલતે નાણાકીય છેતરપિંડીમાં આજીવન કેદની સજા સંભળાવીને જેલમાં મોકલી દીધા અને બીજા જ દિવસે ગુઆંગડોંગની અદાલતે કંપનીને સંપૂર્ણપણે બંધ કરવાના આદેશ પર મહોર લગાવી દીધી. ગુઆંગઝુની અદાલતે ગુઆંગઝુ રૂરલ કોમર્શિયલ બેંકની અરજી પર આ નિર્ણય સંભળાવ્યો.

### આ વર્ષે સોનું ₹1.70 લાખ સુધી જઈ શકે છે

# ચાંદી ₹6,623 મોંઘી, ₹2.44 લાખ/કિલો થઈ : સોનું ₹2,419 વધી ₹1.60 લાખ થયું

**સોના-ચાંદીના ભાવમાં 21 ઓગસ્ટે વધારો થયો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 6,623 રૂપિયા વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં 21 ઓગસ્ટે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 6,623 રૂપિયા વધીને 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.

જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,419 રૂપિયા વધીને લગભગ 1.60 લાખ રૂપિયા થઈ ગયો છે. આ મહિને એટલે કે ઓગસ્ટમાં 21 દિવસમાં સોનું 16,639 અને ચાંદી 26,094 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. એક્સપર્ટ્સના મતે, સોનું આ વર્ષના અંત સુધીમાં 1 લાખ 70 હજાર રૂપિયા સુધી જઈ શકે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 27 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા



પર હતું, જે હવે 1.60 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.44 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ સમય દરમિયાન 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચી હતી. ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ અને ચાંદી 3 લાખ સુધી પહોંચી શકે છે કોટક સિક્યોરિટીઝના સિનિયર વીપી અને કોમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે જ દુનિયાભરની કેન્દ્રીય બેંકો જેમ કે RBIનો પણ સપોર્ટ મળી રહ્યો છે, જેઓ સતત સોનું ખરીદી રહ્યા છે. આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલ જે ભવિષ્યની પરિસ્થિતિઓ દેખાઈ રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 3 બાબતોનું ધ્યાન રાખો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો.

# સેન્સેક્સ ફ્લેટ બંધ થયો, 77540 પર પહોંચ્યો

- **BSE શેર પર દબાણ, 3 મહિનામાં માર્કેટ કેપ ₹30,000 કરોડ ઘટ્યું**

મુંબઈ

BSEની આવકમાં ડેરિવેટિવ્સ અને ખાસ કરીને ઈન્ડેક્સ ઓપ્શન્સનો મોટો હિસ્સો છે. પરંતુ, ઓગસ્ટમાં અત્યાર સુધી BSEનું સરેરાશ દૈનિક ઓપ્શન્સ ટર્નઓવર જુલાઈની સરખામણીમાં લગભગ 12 ટકા ઘટ્યું છે. Indiaના અગ્રણી સ્ટોક એક્સચેન્જ BSEના શેરે છેલ્લા બે વર્ષમાં રોકાણકારોને સારો રિટર્ન આપ્યો હતો. જોકે, હવે સ્થિતિ બદલાતી જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ મહિનામાં BSEનું માર્કેટ કેપિટલાઈઝેશન લગભગ .30,000 કરોડ ઘટ્યું છે. જેના કારણે રોકાણકારોની ચિંતા પણ વધી છે. નિષ્ણાતોના મતે BSEના બિઝનેસ પર હાલ ત્રણ મુખ્ય પડકાર છે. તેમાં નવું Closing Auction Session (CAS), ઈન્ડેક્સ ઓપ્શન્સમાં ઘટતું ટ્રેડિંગ અને બ્રોકર્સ માટે RBIના કડક બેંક ગેરંટી નિયમોનો સમાવેશ થાય છે. BSEની આવકમાં ડેરિવેટિવ્સ અને ખાસ કરીને ઈન્ડેક્સ ઓપ્શન્સનો મોટો હિસ્સો છે. પરંતુ, ઓગસ્ટમાં અત્યાર સુધી BSEનું સરેરાશ દૈનિક ઓપ્શન્સ ટર્નઓવર જુલાઈની સરખામણીમાં લગભગ 12 ટકા ઘટ્યું છે. Nuvamaના રિપોર્ટ અનુસાર, BSEનું પ્રીમિયમ ટર્નઓવર 22.7 ટકા ઘટીને લગભગ .18,100 કરોડ રહ્યું છે. બીજી તરફ, ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ્સની સંખ્યામાં પણ લગભગ 30.5 ટકાનો ઘટાડો થયો છે. આ ઘટાડા પાછળનું એક મોટું કારણ CASને માનવામાં આવી રહ્યું છે.

# ગુજરાત યુનિ.એ ટેન્ડરના નામે ભ્રષ્ટાચારમાં માઝા મૂકી: કોંગ્રેસનો સનસનાટીભર્યો આક્ષેપ

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાની આગેવાનીમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ભ્રષ્ટાચારનો પર્દાફાશ




અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાની આગેવાનીમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરીને સરપ્રાઈઝ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. હાલના સમયમાં પક્ષીઓની વિવિધ પ્રજાતિઓનું નિકંદન કાઢી ભ્રષ્ટાચાર કરવાની જાણે ગુજરાત યુનિવર્સિટીએ નેમ લીધી હોય એવુ લાગી રહ્યું છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટી ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ૧૯૬૦ થી જે ગુજરાત યુનિવર્સિટીના બોટનિકલ ગાર્ડન નું જતન કરવામાં આવ્યું તે ગાયબ છે, ત્રણ જેટલા નેચરલ છે વેટલેન્ડ ગાયબ છે.

ગુજરાત યુનિવર્સિટીએ ટેન્ડરના નામે ભ્રષ્ટાચારમાં માઝા મૂકી છે. કુલપતિ બદલાય જાય તો હેતુ , કોન્ટ્રાકટર અને ટેન્ડર બધું જ બદલાય જાય છે. ગુજરાત યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ હિમાંશુભાઈ પંડ્યા ના શાસન માં આર્બોરેટમ બનાવવાનું નક્કી કરવા માં આવ્યું હતું અને ૯.૫૫ કરોડ નું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. તે કામ ૧૮ મહિનામાં પુરુ કરવાનું હતું. જેમાં જેપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ને કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યો હતો , જેની કન્સલ્ટિંગ એજન્સી ઑક્ટર્સ નામની કંપની ને કામ આપવા માં આવ્યું હતું. તે કંપનીએ ત્રણ ડોમ અધકચરા જેવા ઊભા કરી દીધા, કન્સ્ટ્રક્શન કંપની અને કન્સલ્ટન્સી એજન્સી એ કરોડો ખેરવી લીધા. ત્યારબાદ કુલપતિ બદલાયા અને નીરજા ગુપ્તા બન્યા તો તે અલગ કોન્ટ્રાક્ટ લઈ આવ્યા. જ્યાં આર્બોરેટમ બનાવવાના હતા તેની જગ્યાએ નક્ષત્ર વન નો ૧૫.૫૬ કરોડનો પ્રોજેક્ટ આવી ગયો. તે છ મહિનામાં પુરો કરવાનો હતો ત્યાર બાદ જતન થયેલ બોટનિકલ ગાર્ડન ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

### નક્ષત્ર વનના નામે કોણ 'કળા કરી ગયા'નો સવાલ

કુલપતિ નીરજા ગુપ્તા દ્વારા નક્ષત્ર વન નો ૧૫.૫૬ કરોડ કોન્ટ્રાક્ટ કરણ કન્સ્ટ્રક્શન ને આપવા આવ્યો હતો જ્યારે કન્સલ્ટન્સી માટે ટોર્સન એજન્સી ને રોકવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીના બોટની વિભાગના બોટનિકલ ગાર્ડનમાં ૧૫૦ થી વધારે સ્પીસીસ એટલે પ્રજાતિ ના વનસ્પતિ, છોડ અને વૃક્ષ હતા તેમાં કેટલીક દુર્લભ પ્રજાતિ હતી. જ્યાં બોટની અને જીઓલોજીના વિદ્યાર્થીઓ રિસર્ચ કરતા હતા તે ગાર્ડનને યુનિવર્સિટી દ્વારા બુલડોઝેડ કરી દેવામાં આવ્યું. તે ગાર્ડન રાષ્ટ્રીય પક્ષી મોર નું બ્રિડિંગ ઝોન પણ હતું તેવું મોર ના ઘર ને પણ ઉજાડી નાખવામાં આવ્યું છે.

### વિકાસ ના નામે પર્યાવરણનું નખ્ખોદ કાઢી નાખ્યુ: કોંગ્રેસ

યોન્ડ ધી ક્લાસ રૂમ નામની બે પુસ્તક યુનિવર્સિટી એ ભૂતકાળમાં છપાવ્યા હતા જેમાં યુનિવર્સિટીમાં ફ્લોરા અને ફોના બાબત ના ચિત્રો સાથે ની કોફી ટેબલ બુક ના ફોર્મેટ માં છપાવી હતી. ગુજરાત યુનિવર્સિટીમાં તિલકવાળી બતક, રાતી ટોટવી, કાળો કાંચ, કાળી ડોકવાળો ધોળો કાંચ, નાનો કાજિયો જેવી અનેક પ્રજાતિઓ યુનિવર્સિટી ના વેટલેન્ડ માં જોવા મળતી હતી તેમના ફોટો યુનિવર્સિટી ની કોફી બુકમાં છપાયેલ હતા તેવા ત્રણ તળાવો ગાયબ છે.

# તંત્રના દરોડા વચ્ચે નિકોલમાં નકલી દારૂનું નેટવર્ક છતું

## ભંગારમાંથી બોટલો મેળવી 'ફ્લેવર' ઉમેરી મોંઘો દારૂ બનાવવાનો ખતરનાક ખેલ, એક ઝબ્બે, માસ્ટરમાઇન્ડ ફરાર

અમદાવાદ

ગુજરાતમાં એક તરફ પોલીસની સ્પેશિયલ ડ્રાઇવ ચાલી રહી હોવાના દાવા થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી સામે આવેલા એક કિસ્સાએ લોકોના જીવ જોખમમાં મૂકતા નકલી દારૂના કાળો કારોબારનો ખુલાસો કર્યો છે. નિકોલ પોલીસે ગુનાહિત ઈતિહાસ ધરાવતા એક યુવકની બનાવટી દારૂની બોટલ સાથે ધરપકડ કરી છે, જ્યારે નકલી દારૂ બનાવનારો મુખ્ય સૂત્રધાર દિનેશ પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો છે. આ કૌભાંડમાં જે ચોંકાવનારી પદ્ધતિ સામે આવી છે, તે જોઈને કાયદાના રક્ષકો પણ સ્તબ્ધ થઈ ગયા છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, પકડાયેલો આરોપી સુનિલ માખીજા નકલી દારૂની વિતરણ વ્યવસ્થા સંભાળતો હતો. પ્રાથમિક પૂછપરછમાં ખુલાસો થયો છે કે આ ખતરનાક ખેલનો માસ્ટરમાઈન્ડ દિનેશ છે. દિનેશ ભંગારના વેપારીઓ પાસેથી મોંઘી બ્રાન્ડની દારૂની ખાલી બોટલો મેળવતો હતો. ત્યારબાદ અત્યંત સસ્તા અને હલકી ગુણવત્તાના દારૂમાં કેમિકલયુક્ત ફ્લેવર ઉમેરીને તેને મોંઘી બ્રાન્ડ તરીકે પેક કરી દેતો હતો. લોકોના સિંહાસન ડોલાવી દે તેવો આ ભેળસેળયુક્ત દારૂ ઊંચી કિંમતે વેચીને નશાડીઓના જીવ સાથે સીધો ખેલ ખેલવામાં આવી રહ્યો હતો.

પોલીસે સુનિલ માખીજા પાસેથી નકલી દારૂની બોટલ કબ્જે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ દરમિયાન એ બાબત પણ સ્પષ્ટ થઈ છે કે પકડાયેલો સુનિલ અને ફરાર આરોપી દિનેશ બંને



અગાઉ પણ અનેક ગુનાઓમાં સંકળાયેલા છે અને અગાઉથી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. છતાં પણ તેઓ બિન્દાસ્તપણે શહેરના મધ્યમાં આવું જીવલેણ નેટવર્ક ચલાવી રહ્યા હતા, તે બાબત સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરે છે.

લઠ્ઠાકાંડની હોનારતો બાદ પણ જો શહેરમાં આટલી સહેલાઈથી નકલી અને ઝેરી દારૂ બનાવવાનો કાળો કારોબાર ચાલી શકતો હોય, તો સ્થાનિક પોલીસની બાજ નજર ક્યાં હતી? શું કાગળ પરના દરોડા વચ્ચે આવા ઝેરી દારૂના કારખાનાઓ ધમધમી રહ્યા છે?


**6.29 કરોડ રૂપિયાની ચોરી**

# નવરંગપુરાના જ્વેલર્સનો કર્મચારી 3 કિલો અને 850 ગ્રામ સોનું ચોરી ગયો

અમદાવાદ

અમદાવાદ શહેરના નવરંગપુરા જ્વેલરી શોપમાં કામ કરતા કર્મચારી કેયુર શાહે ભાઈઓ તથા પિતા સાથે મળીને જ્વેલરી શોપમાંથી 3 કિલો 850 ગ્રામ 24 કેરેટનું સોનું અને 13 લાખ રૂપિયા રોકડા મળી કુલ 6.29 કરોડની ચોરી કરી છે. આ બાબતે કેનવી જ્વેલના માલિક ચિરાગ વાલાણીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરી છે.કેયુર શૈલેષભાઈ શાહ, શૈલેષભાઈ હરગોવિંદ અને સની શૈલેષભાઈ શાહ સામે ફરિયાદ નોંધાઈ છે.

નિકોલ રોડ દિવ્યજ્યોત સોસાયટીમાં રહેતા ચિરાગ ચંપકલાલ વાલાણી નવરંગપુરા સી.જી. રોડ ખાતેના સુપર મોલમાં કેનવી જ્વેલ નામની પેઢી ધરાવે છે અને તેઓ સોનાનો હોલસેલ વેપાર



કરે છે. તેમની પેઢીમાં 20 માણસો કામ કરે છે, જેમાં તેમના વિશ્વાસુ કેયુર શૈલેષભાઈ શાહ 8 વર્ષથી કંપનીનું એકાઉન્ટનું કામ સંભાળે છે અને ખરીદ-વેચાણનું પણ કામ કરે છે. ચિરાગ વાલાણીને કેયુર પર ભરોસો હોવાથી તેમણે પોતાની ગેરહાજરીમાં કંપનીનું ખરીદ-વેચાણ અને અન્ય લેણદેણની કામગીરી કરી શકે તે માટે તેને એફિડેવિટ કરીને જનરલ ઓથોરિટી આપી હતી.

કેયુરના પિતાજી શૈલેષભાઈ હરગોવિંદભાઈ શાહ તથા તેના સગા ભાઈ અભિષેક શાહ અને સની શાહ પણ ચિરાગ વાલાણીના ગ્રુપની જુદી જુદી કંપનીઓમાં કામ કરતા હતા અને તેમના ઉપર માલિકોને વિશ્વાસ હતો. જોકે, થોડા સમય પહેલા કંપનીમાંથી અભિષેક શાહ અને તેના ભાઈ તથા પિતાએ સોનાના દાગીનાની ઉઘરાણીના પૈસા મુદ્દે કોઈ ગોટાળો કરતા 8 મહિના પહેલા જ કેયુરના પિતાજી શૈલેષભાઈ, ભાઈ અભિષેક અને બીજા ભાઈ સનીને નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવ્યા હતા. જોકે, કેયુરને નોકરીમાં રાખવામાં આવ્યો હતો અને તેને તમામ સત્તા પણ આપવામાં આવી હતી.

દરમિયાન ગત એપ્રિલ માસમાં ચિરાગભાઈ પોતાની માણેકચોક ખાતેની ઓફિસમાં પહોંચ્યા હતા અને જ્વેલરી સ્ટોક કોમ્પ્યુટરમાં ચેક કરતા તેમને સ્ટોકમાં થોડો ફેરફાર જણાયો હતો.

# કૃષ્ણનગરમાં કાર હટાવવાનું કહેતાં સિક્યોરિટી ગાર્ડ પર હુમલો: પોલીસની ઢીલી નીતિથી રોષ

અમદાવાદ

અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં અવની હોમ્સ સોસાયટીના ગેટ સામે કાર હટાવવાનું કહેતા સિક્યોરિટી ગાર્ડ પર હુમલો થયો. 20મી ઓગસ્ટે બનેલી આ ઘટનામાં કારચાલક અને તેની સાથેના લોકોએ આધેડ ગાર્ડને માર માર્યો. CCTV ફૂટેજ વાયરલ થયા છતાં કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધવાને બદલે માત્ર અરજી લીધી, જેનાથી પોલીસ કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલી અવની હોમ્સ સોસાયટીમાં સિક્યોરિટી ગાર્ડ સાથે મારપીટની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોસાયટીના ગેટ સામે અડચણરૂપ રીતે ઊભી રાખેલી કાર હટાવવાનું કહેતાં કારચાલક અને તેની સાથેના લોકો ઉશ્કેરાઈ ગયા હતા અને આધેડ સિક્યોરિટી ગાર્ડ સાથે કહીસુની કર્યા બાદ તેમના પર હુમલો કરી દીધો હતો. 20મી ઓગસ્ટના રોજ બનેલી આ ઘટનાના સીસીટીવી



ફૂટેજ પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. કૃષ્ણનગરના બાપા સીતારામ ચોક પાસે આવેલી અવની હોમ્સ સોસાયટીના ગેટ આગળ કેટલાક લોકોએ પોતાની કાર અડચણરૂપ રીતે ઊભી રાખી હતી. સોસાયટીમાં આવતા-જતા વાહનોને તકલીફ પડતી હોવાથી ફરજ પર હાજર આધેડ સિક્યોરિટી ગાર્ડે કારચાલકને ગાડી થોડી આગળ લેવા વિનંતી કરી હતી.

**ગુજરાતમાં દારૂની જેમ 'એનાલોગ પનીર'નું ગેરકાયદે નેટવર્ક**

# રાજસ્થાનથી ઘૂસાડાતો 408 કિલો બનાવટી જથ્થો AMCએ ઝડપી પાડ્યો

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ અને ચેકિંગ વચ્ચે હવે કાળા કારોબારીઓએ લોકોના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરવાનો નવો રસ્તો શોધી કાઢ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ પણ દારૂની તસ્કરીની જેમ જ રાજસ્થાનથી નકલી એટલે કે 'એનાલોગ પનીર' ગુજરાતમાં ઘૂસાડવાનું મોટું નેટવર્ક સક્રિય થયું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને રાજસ્થાનથી લાવવામાં આવેલો ૪૦૮ કિલો જેટલો શંકાસ્પદ એનાલોગ પનીરનો જથ્થો ઝડપી પાડીને મોટું કૌભાંડ ખુલ્લું પાડ્યું છે.

એનાલોગ પનીર એ કુદરતી દૂધમાંથી બનાવવામાં આવતું સાચું પનીર નથી, પરંતુ વનસ્પતિ તેલ (Palm Oil), સ્ટાર્ચ, કેમિકલ્સ અને એસેન્સ ભેળવીને બનાવવામાં આવતું કૃત્રિમ પનીર છે. દેખાવમાં આબેહૂબ અસલી પનીર જેવું જ લાગતું આ ભેળસેળયુક્ત પનીર



શરીર માટે અત્યંત હાનિકારક છે. તેને ખાવાથી હૃદયરોગ, પાચનતંત્રની ગંભીર બીમારીઓ અને લાંબા ગાળે કેન્સર જેવા જીવલેણ રોગો થવાનું જોખમ રહેલું છે. ઓછી કિંમતે મળતું હોવાથી હોટલો, રેસ્ટોરન્ટો અને ડેરીઓમાં અસલી પનીરના નામે આ ઝેર લોકોને પીરસવામાં આવી રહ્યું હતું.

ચોક્કસ બાતમીના આધારે AMCની ફૂડ સફાઈ ટીમે શહેરના પ્રવેશદ્વાર પર અને શંકાસ્પદ સ્થળોએ સરપ્રાઇઝ ચેકિંગ ગોઠવ્યું હતું. આ દરમિયાન રાજસ્થાન તરફથી આવતા ટ્રાન્સપોર્ટ અને વાહનોની તપાસ કરતા ૪૦૮ કિલો એનાલોગ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. ફૂડ અધિકારીઓએ સ્થળ પરથી જ આ સમગ્ર જથ્થો જપ્ત કરીને તેના સેમ્પલ લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલી આપ્યા છે. આ જથ્થો અમદાવાદના કયા વેપારીઓ કે હોટલ સંચાલકોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. રાજસ્થાનથી ગુજરાતની સરહદ વટાવીને આટલી મોટી માત્રામાં નકલી પનીર અમદાવાદ સુધી પહોંચી જાય છે.

# બાપુનગરના વૃદ્ધ દંપતી સાથે કરોડોની ઠગાઈ, ભાણેજના દીકરા જ 2.85 કરોડ પચાવી પાડ્યા

અમદાવાદ

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં 72 વર્ષીય વૃદ્ધ દંપતી સાથે રૂ. 2.85 કરોડથી વધુની છેતરપિંડી થઈ છે. વૃદ્ધે પોતાના અને પુત્રના ભવિષ્ય માટે જીવનભરની બચત ભાણેજના દીકરા મૌલિક લોકડિયાને સાચવવા આપી હતી. લાંબો સમય થતાં અને પૈસા પરત ન મળતા, ધમકીઓ મળતાં અંતે મૌલિક સામે ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં વૃદ્ધ દંપતી સાથે રૂપિયા 2.85 કરોડથી વધુ રકમની છેતરપિંડીની ઘટના સામે આવી છે. 72 વર્ષીય વૃદ્ધે પોતાના અને અસ્થીર મગજના પુત્રના ભવિષ્ય માટે જીવનભરની બચત ભાણેજના દીકરા આરોપી મૌલિક લોકડિયા પાસે સાચવવા આપી હતી. લાંબો સમય



થયા છતાં બાકીની રકમ પરત ન કરી ધમકીઓ અપાતાં અંતે મૌલિક લોકડિયા સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી મથુર તેમના પત્ની મંજુલાબહેન સાથે બાપુનગર ખાતે નિવૃત્ત જીવન ગાળે છે. તેના બે દીકરાઓમાંથી એકનું અવસાન થઈ ચૂક્યું છે, જ્યારે બીજો દીકરો જન્મથી માનસિક રીતે અસ્થિર હતો, જેનું પણ બીમારીના કારણે મૃત્યુ થયું હતું. છેલ્લા 30 વર્ષથી છૂટક કન્સ્ટ્રક્શનનું કામ કરીને એકઠું કરેલું ભંડોળ અને બચત નિવૃત્ત વયે કામ આવે તે હેતુથી, તેણે ભાણેજના દીકરા મૌલિક પર ભરોસો મૂકીને સાચવવા આપવાનો નિર્ણય કર્યો હતો.

**અમદાવાદમાં બૂટલેગરો પર પોલીસનો સપાટો**

# બે દિવસીય પ્રોહિબિશન ડ્રાઇવમાં 215 કેસ દાખલ, 244 આરોપીઓની ધરપકડ

અમદાવાદ

ભાવનગરમાં સર્જાયેલી લઠ્ઠાકાંડની કરુણાંતિકા બાદ અમદાવાદ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગેરકાયદેસર દારૂના કારોબારને નાથવા માટે પોલીસે સ્પેશિયલ પ્રોહિબિશન ડ્રાઈવ હાથ ધરી હતી. માત્ર બે જ દિવસની આ આક્રમક ઝુંબેશ દરમિયાન શહેર પોલીસે ઠેર-ઠેર દરોડા પાડીને બૂટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફળ પાડી દીધી છે.

પોલીસ કંટ્રોલ રૂમ અને તમામ સ્થાનિક પોલીસ સ્ટેશનો દ્વારા હાથ ધરાયેલા આ સઘન ચેકિંગ દરમિયાન બે દિવસમાં પ્રોહિબિશનના કુલ ૨૧૫ કેસ દાખલ કરવામાં આવ્યા છે.



શહેરના પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારોમાં ચાલી રહેલા દારૂના અડ્ડાઓ પર ત્રાટકીને પોલીસે ૨૪૪ જેટલા આરોપીઓની સ્થળ પરથી જ ધરપકડ કરી લીધી છે. દરોડા દરમિયાન દેશી અને વિદેશી દારૂનો મોટો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર પોલીસની સાથે સાથે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમ પણ આ ડ્રાઈવમાં જોડાઈ હતી. શહેરના ગુનાહિત ઈતિહાસ ધરાવતા નામી બૂટલેગરો અને છૂટક વેચાણ કરતા તત્વો સામે કાયદાનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે. પોલીસના આ કડક વલણને કારણે શહેરમાં ગેરકાયદેસર દારૂનું નેટવર્ક ખોરવાઈ ગયું છે અને બૂટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

પોલીસની આ તાત્કાલિક અને કડક કાર્યવાહી આવકારદાયક છે, પરંતુ શહેરીજનોના મનમાં એક જ સવાલ રમી રહ્યો છે કે શું આ ઝુંબેશ માત્ર બે દિવસ પૂરતી જ મર્યાદિત રહેશે? જો પોલીસ આવી જ રીતે સતત આકરા પગલાં ભરે તો જ શહેરને દારૂના આ દૂષણમાંથી મુક્તિ અપાવી શકાય. પાક્કો ગુજરાત ન્યૂઝ તંત્રની આ કામગીરી અને આગળના અપડેટ્સ પર સતત નજર રાખશે.

# મણિનગરના 'મેડ ઓવર ગ્રીલ્સ' રેસ્ટોરન્ટમાં મૈદામાંથી જીવાતો મળી આવતાં AMCએ કર્યું સીલ

## ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટના નિયમોનો ધજાગરો ઉડાડતા આ રેસ્ટોરન્ટ સંચાલકો સામે તંત્રએ સહેજ પણ દયા દાખવી ન હતી

અમદાવાદ

અમદાવાદમાં ખાણીપીણીના શોખીનો માટે એક ચોંકાવનારા અને લાલબત્તી સમાન સમાચાર સામે આવ્યા છે. શહેરના મણિનગર-કાંકરિયા વિસ્તારમાં આવેલી જાણીતી 'મેડ ઓવર ગ્રીલ્સ' (Mad Over Grills) રેસ્ટોરન્ટમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ સેફ્ટી વિભાગે દરોડો પાડીને તેને તાત્કાલિક અસરથી સીલ કરી દીધું છે. રેસ્ટોરન્ટના રસોડામાં વપરાતા મૈદાના જથ્થામાંથી જીવાતો અને ગંદકી મળી આવતાં તંત્ર દ્વારા આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે. AMCના ફૂડ હેલ્થ વિભાગને મળેલી ફરિયાદ અને શંકાના આધારે અધિકારીઓની ટીમે 'મેડ ઓવર ગ્રીલ્સ' રેસ્ટોરન્ટમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન રસોડામાં હલકી ગુણવત્તાનું અને અત્યંત ગંદુ વાતાવરણ જોવા મળ્યું હતું. સૌથી ગંભીર બાબત એ સામે આવી કે ગ્રાહકો માટે વાનગીઓ બનાવવા માટે રાખવામાં આવેલા મૈદાના લોટમાં મોટી સંખ્યામાં જીવાતો અને ઈયળો સળવળી રહી હતી. નાગરિકોના આરોગ્ય સાથે થઈ રહેલા આ ખુલ્લા ખીલવાડને જોઈને ફૂડ વિભાગના અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટના નિયમોનો ધજાગરો ઉડાડતા આ રેસ્ટોરન્ટ સંચાલકો સામે તંત્રએ સહેજ પણ દયા દાખવી ન હતી.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI